R.N.I. No. MAHBIL/2020/79181

Since 1924...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૧મું

VOLUME : 05 • ISSUE : 22 • PAGES : 40 • MUMBAI • DATE : 20TH SEPTEMBER 2025

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-

HD FIRE PROTECT

Protecting what matters most to you

| PASSION | EXCELLENCE | GROWTH |




At HD Fire, we don't just make fire-fighting products; we provide peace of mind.
With installations in 25,000+ locations across 90 countries, we bring safety when it matters the most.

**HD FIRE PROTECT PVT. LTD.**

Corporate Headquarters: D-6/2, Road No. 34, Wagle Estate, Thane 400604, India
Tel: +(91) 22 21582600 | Fax: +(91) 22 21582602 | Email: info@hdfire.com

UL LISTED | FM APPROVED | VdS | CE

www.hdfire.com | @HdFireProtectPvtLtd | @hd-fire-protect | @TheHdfire

With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation



6D 0301

0045

SIL 3 IEC 61508

ATEX 94/9/EC

MICROFINISH VALVES PVT. LTD.

REGISTERED OFFICE:
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

WORKS: Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

BRANCH OFFICES:
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

## તંત્રી સ્થાનેથી



તા. ૨૦.૯.૨૦૨૫ના અંકના અતિથી સંપાદક તરીકે શ્રીમતી માલતીબેન હરીશ ધરમશી-જખૌ (નવી મુંબઈ) નો લેખ પ્રકાશિત છે.

– CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ, Mob.: 77385 08150

# લગ્ન કરતા છૂટાછેડા મોંઘા

થોડા સમય પહેલા એક રીલ જોઈ જેમાં કોઈ કહેતું હતું કે 'જૂની કહેવત હતી ઘાટ કરતા ઘડામણ મોંઘી ; નવી કહેવત લગ્ન કરતા છૂટાછેડા મોંઘા '.ખરેખર ?

હા. આ બહુ સાચી વાત છે. આજના જમાનામાં એક તો લગ્ન જલ્દી સમયસર થતા નથી. માંડ માંડ નક્કી થાય છે, લગ્ન ગોઠવાય છે અને હજી એ લગ્નની શહેનાઈના સુર કાનમાં ગુંજી રહ્યા હોય અને ત્યાં જ છૂટાછેડાની નોબત આવી જાય છે.

એવું તે શું થઈ જાય છે કે આઠ દિવસ, પંદર દિવસ કે મહિનો. એમાં નવયુગલ એકબીજાને કેટલું ઓળખે? એવું તો શું થઈ જાય છે કે વાત છુટાછેડા સુધી પહોંચી જાય છે?

આ આપણી જ્ઞાતિમાં જ નહીં દરેક જ્ઞાતિમાં થતું નવું કાંડ છે. કેટલી હોંશથી અને ખૂબ ખર્ચ કરીને ધામધૂમથી લગ્ન લેવાય છે. હજી એ ખુશાલીને માણી નથી; થાક ઉતર્યો નથી અને ત્યાં જ ધડાકા શરૂ થાય છે.

શું જિંદગી એટલી સસ્તી છે? આપણા રીત રિવાજ એટલા ઉણા ઉતરી ગયા છે કે છૂટાછેડા જેવી વાત કરતા જરાય અચકાતા નથી.

દીકરીને વિદાય કરે ત્યારે એમ કહેવાય કે અમે તને ડોલીથી વિદાય આપી રહ્યા છીએ પણ તારા સાસરીએથી હવે અર્થી જ નીકળવી જોઈએ. એટલે એમ કે પડ્યું પાનું નિભાવી લેવાની વાત કરતા હોય છે. લગ્ન એ કોઈ ઢીંગલા ઢીંગલીની રમત નથી. જિંદગીભર સાથ નિભાવવાની એક પ્રતિજ્ઞા હોય છે. જેમાં એક યુવક અને યુવતી બંને લગ્ન બેડીમાં બંધાતા હોય છે. બે પરિવાર એકબીજાના વેવાઈ બનીને નજીક આવે છે. એક અણમોલ સંબંધ બંધાય છે.

પરંતુ આજના શિક્ષિત સમાજમાં કોઈ શેહ શરમ નથી રહી. લગ્ન પહેલા ખૂબ હરે છે; ફરે છે. પ્રી વેડિંગ શૂટ થાય, એકબીજાને ત્યાં આવવા જવામાં છોછ ના હોય. સગાઈ પણ ખૂબ લાંબી ચાલતી હોય છે. બંને એકબીજાને સારી રીતે ઓળખતા થઈ ગયા હોય છે અને છતાંય લગ્ન બાદ એવું તે શું થાય છે કે સીધી છુટાછેડા પર જ વાત આવે. એમાં પણ છોકરી દ્વારા કેસ મંડાય અને હજારો કે લાખો નહીં, સીધી કરોડોની માંગ થાય.

શું લગ્ન છોકરા પાસેથી પૈસા પડાવવા માટે જ કરાય છે? ભણેલી ગણેલી છોકરી આમ તો આત્મનિર્ભર હોય છે, કમાતી હોય છે. આમ છોકરા સાથે ફાવતું નથી પણ એના પૈસા લેવામાં જરાય સંકોચ નથી થતો. છોકરાની જિંદગી કોર્ટ કેસમાં અને ભરણપોષણના રૂપિયા આપવામાં જ ખતમ થઈ જાય છે. એક તો આ સરકારી કાયદા. બધા છોકરીની તરફેણમાં જ હોય છે. છોકરો અને એના મા-બાપ જ બધી રીતે ખરાબ હોય છે? આમ તો છોકરીઓને પુરુષ જેવા equal rights જોઈએ છે. તો પછી જે લગ્ન આઠ-પંદર કે મહિનો દિવસ પણ ન ટકાવી શક્યા, એના પૈસા પડાવવા તો વર્ષો સુધી કેસ લડી લેવા માટે તત્પર હોય છે. આનો વિકલ્પ શું? મને તો એકજ વિકલ્પ દેખાય છે. લગ્ન વખતે એક પત્ર પર લખી ને signature કરાવી લેવાની કે કદાચ ભવિષ્યમાં કોઈ કારણસર છૂટાછેડા લેવા પડે તો કોઈ એકબીજા ઉપર આક્ષેપ ન કરે કે અપેક્ષા રાખ્યા વગર mutual understanding થી છૂટાછેડા લઈ લેવા.

**માલતી હરીશ ધરમસી**

**જખૌ, નવી મુંબઈ**

**મો. ૯૮૬૯૨ ૮૯૩૪૫**



**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**તંત્રી :** CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

**સહતંત્રી :** શિલ્પાબેન અજાણી

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ પ્રમિલાબેન-દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના
ઍડ. શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતસી શાહ
શિલ્પાબેન અજાણી
જયંત વિશનજી છેડા
ઍડ. કેતન મધુકાંત લોડાયા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૫, અંક : ૨૨, તા. ૨૦-૦૯-૨૦૨૫**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ - મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## ગામના મહાજનો - મંડળોને વિનમ્ર નિવેદન

પ્રકાશ સમીક્ષા દર મહિને તા. ૫ અને તા. ૨૦ના પ્રકાશિત થાય છે. ક.દ.ઓ. જ્ઞાતિના ગામો - મંડળોના સમાચારોને યથાયોગ્ય રીતે ફોટોગ્રાફ સાથે સમાચાર વિભાગમાં સ્થાન આપવામાં આવે છે. વિશેષ શિક્ષણ કે સિદ્ધી પ્રાપ્ત કરનારા જ્ઞાતિજનોની માહિતી પણ ફોટો સાથે પ્રકાશિત કરવામાં આવે છે. એ માટે આપના મહાજનો - મંડળોના કાર્યક્રમોના સમાચારો તથા વ્યક્તિગત સિદ્ધિઓની માહિતી પ્રકાશ સમીક્ષાને વોટ્સએપ અથવા મેઈલ દ્વારા મોકલી આપવા વિનમ્ર વિનંતી છે જેથી નિયમિત રીતે પ્રકાશિત કરી શકાય.

**WhatsApp No. : 98215 35111**

**E-mail : kdoprakash@gmail.com**


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા


**'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક**

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.



# કચ્છ દર્શન





(ભાગ : ૪૯)

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ગતાંકથી ચાલુ)

ખેતાબાપા - નખત્રાણા



છેલ્લા સાત-આઠ દિવસથી કચ્છનું સતત ભ્રમણ શ્રી અરજણ રબારીની રાહબરી હેઠળ અને મારા અગાઉ કચ્છના પ્રવાસના અનુભવોનાં આધારે પ્રવાસ કરી રહ્યા હતા. જેથી રોજ માતૃભૂમિ વિશે નવું જાણવાની, માણવાની મજાને લીધે ઉત્સક હતા, તો કેટલાક વડીલ પ્રવાસીઓ જેમણે આ કચ્છની વિરાસતને જાણી છે, માણી છે, પ્રમાણી છે તેમને કંટાળો આવવા માંડ્યો...

પણ આ લેખોમાં ફક્ત કચ્છનો ભોગોલિક પ્રવાસ જ નથી પણ કચ્છ વિશેની તેની ખાણીપીણી, તેનો પહેરવેશ, તેનું લોકજીવનનું તાદશ દ્રશ્ય ઊભું કરી તેમનો જુસ્સો ટકાવી રાખવાનો પ્રયાસ કરેલ છે અને તેથી જ જ્યાં રાત્રી મુકામ હોય ત્યાં ઢાળેલ ખાટલા ઉપરથી વાર્તાઓનો પ્રવાહ વહેવા માંડે અને ડોસા-ડોસીઓની મુખે કચ્છની અદ્ભૂત વિરાસતનાં પાના ખૂલવા માંડે.

ધન્ય છે આ વિશાળ દિલ દિલેરી અને સાહસવૃત્તિથી સમૃદ્ધ કચ્છી માડૂને તે ક્યાં પણ વસ્યો હોય પણ વર્ષમાં એકવાર તો જરૂર કચ્છ આવી માતાને માથું ટેકવી જાય.

રમજુએ બસની ટકોરી વગાડી અને અરજણ રબારીએ બસનું ભોંપુ... અમારી સવારી માતાના મઢથી નિકળી નખત્રાણા તરફ આગળ વધી. રાત્રી મુકામ થોડે દૂર ભુજમાં કરી શકાય એમ હતું પણ ''પાર્શ્વવલ્લભ''ના જૈન સ્તવનો અને કુદરતનો કરિશ્મા અમને આકર્ષી રહ્યો હતો.

અરજણભાઈએ નખત્રાણા પાસે આવેલ ૭૨ જખ્ખનું મંદિર અને વિથોણમાં આવેલ ખેતાબાપા ઉદ્યાનની મુલાકાતથી તૃપ્ત થવાનું નક્કી કરેલ તેથી નખત્રાણા બસ સ્ટેશન પાસે ચા ની રેકડી પાસે ચા પી તૃપ્ત થઈ ખેતાબાપા ઉદ્યાનનાં પરિસર પાસે બસને થંભાવી.

બસમાંથી ઉતરતાં જ સામે એક વિશાળકાય મહાવીરની મૂર્તિનાં દર્શન થયાં. અને કાનની અંદર હનુમાન ચાલીસાની ચૌપાઈ ગુંજવા લાગી...

**''જય હનુમાન જ્ઞાન ગુન સાગર,**
**જય કપીસ તિંહુ લોક ઉજાગર.**
**રામદૂત અતુલિત બલ ધામા,**
**અંજનિ પુત્ર પવનસુત નામા.''**

અમે બધા બસમાંથી જ્ઞાનનાં ભંડાર એવા શ્રી પવનપુત્ર અંજલી માતાની કુખે અવતર્યા છે એવા મહાબલિનાં ગુણગાન ગાતા ઉદ્યાનમાં પ્રવેશ્યા.

અહિં ખેતાબાપા સ્મારક ટ્રસ્ટનાં નામે આ પરિસરની વ્યવસ્થા કરવામાં આવી છે. અહિં આપણી જુદ-જુદી પરંપરામાંથી દ્રશ્યો જ નથી આલેખવામાં આવ્યા પણ કેટલાક સંતો જેમકે શ્રી તુલસીદાસ, શ્રી રામદાસ બાપુ, શ્રી નરસૈંયો, મીરાબાઈની વિશિષ્ટ મૂર્તિઓ ઊભી કરી તેમાં વિગતો મૂકવામાં આવી છે.

આ ઉદ્યાનને સહેજે જોતાં અડધો કલાકનો સમય લાગતો હોવાથી હું અને નીતીનભાઈ ટ્રસ્ટની ઓફિસ તરફ આ લોકભોગી અભિયાનમાં અમારી અંજલિ અર્પવા ટ્રસ્ટની ઓફિસ તરફ વળ્યા.

(વધુ આવતા અંકે...)



ખેતાબાપા - નખત્રાણા

# શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી
# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થીગૃહ (બોર્ડિંગ)-ધુલીયા

સુજ્ઞશ્રી, જય જીનેન્દ્ર,

શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થીગૃહ (બોર્ડીંગ) ધુલીયાની **જનરલ સભા (મિટીંગ) રવિવાર, તા. ૧૨.૧૦.૨૦૨૫ બપોરના ૧.૦૦ કલાકે** સંસ્થાના મકાનમાં ધુલીયા મુકામે રાખવામાં આવેલ છે. સભામાં અજેંડાના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. તો આપશ્રીને મિટીંગમાં સમયસર પધારવા નમ્ર વિનંતી છે. નીચેની ટીપ ખાસ વાંચી લેવા વિનંતી.

## -: અજેંડા :-

૧) સંસ્થાની પાછલી તા. ૨૪.૧૧.૨૦૨૪ના થયેલ મિટીંગનું મિનીટ બુક વાંચીને કાયમ કરવું.

૨) તા. ૧.૪.૨૦૨૫થી તા. ૩૦.૯.૨૦૨૫ સુધી છ મહિનાની આવક-જાવકને મંજુરી આપવી.

૩) સન ૨૦૨૫-૨૦૨૬ના અંદાજિત આવક-જાવક (બજેટ)ને મંજુરી આપવી.

૪) સંસ્થાનો પાછલા ૨૦ વર્ષનો આર્થિક અહેવાલ સાદર કરવો.

૫) આર્થિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના ઑડિટ રિપોર્ટને મંજૂરી આપવી.

૬) આર્થિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે ઑડિટરની નિમણુંક કરવી.

૭) આર્થિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના ઉત્પન્નમાંથી આયકર કાયદા મુજબ રકમ સંસ્થાના ઉદ્દેશ માટે આર્થિક ભાંડવલી ખર્ચ આગામી પાંચ વર્ષમાં કરવાનું રહેશે તેને મંજુરી આપવી.

૮) આર્થિક વર્ષ ૨૦૨૫-૨૬ શાળામાં આવેલ ફીમાંથી ૦.૫% રકમ બુડીત ફી તરીકે રાખવાની જોગવાઈ (Provision) માટે મંજૂરી લેવી.

૯) પ.પૂ. ખાનદેશરત્ના સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ચાલુ કરેલ નૂતન શ્રી મુનિસુવ્રત ગૃહ જિનાલયની માહિતી આપવી.

૧૦) પ.પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. સહાયતા લોન (Higher Education) માટે આવેલ અરજી ઉપર વિચારણા કરવી.

૧૧) ચાલુ થયેલ વિસ્તારિત સ્કૂલ મકાન બાંધકામની માહિતી આપવી.

૧૨) વર્ષ ૨૦૨૫-૨૬ સ્કૂલ વિષયી માહિતી આપવી.

૧૩) સન ૨૦૨૫-૨૬ના સાધન સામગ્રી તેમજ માલમતા સમારકામ ખર્ચને મંજૂરી આપવી.

૧૪) મ્યુચલ ફંડમાં જમા (Deposit) કરેલ રકમ બદલ માહિતી આપવી.

૧૫) અધ્યક્ષ સાહેબની મંજૂરીથી આવેલ વિષયો પર ચર્ચા વિચારણા કરવી.

**લી. કેતન ઠાકરશી ગોસર**

માનદ્ મંત્રી

**શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થીગૃહ**

**તા. ૫.૯.૨૦૨૫**

**ટીપ :** ૧) જમવાની વ્યવસ્થા સર્વ સભાસદ માટે મિટીંગના સ્થળે રાખવામાં આવેલ છે. (૨) આપ ક્યારે આવવાના છો જેની સંસ્થાને જાણ કરશો, જેથી સગવડતા કરવા સુગમતા રહે. (૩) જરૂર પધારી સંસ્થાને માર્ગદર્શન આપશો એજ અભિલાષા. (૪) જનરલ સભામાં સભાસદને કોઈપણ પ્રશ્ન થતા એની જાણ અને માહિતી સભામાં સવિસ્તાર આપવા માટે આપના પ્રશ્ન સંસ્થાને ઓછામાં ઓછા પંદર દિવસ પહેલા લિખીત સ્વરૂપમાં જાણ કરવા વિનંતી.

# કુલીનકાંત ચાંપશી લુઠિયા

## સમાજસેવાની મોબાઇલ ગાઇડ

નિ:સ્વાર્થ સેવા કોને કહેવાય ? કુલીનકાંતભાઈનું જીવન એનો જવાબ છે. ચાલીસેક વરસથી તેઓ દુખિયારાઓના બેલી તરીકે અથાક સેવા કરી રહ્યા છે. સાદાં વસ્ત્રો, ખભે ઝોળી અને સૌને આદર આપવા જોડાતા હસ્ત એમની ઓળખાણ છે



## વ્યક્તિત્વ

સેવાનો સમાનાર્થી શબ્દ કુલીનકાંત, ખરેખર. જીવનના આઠ દાયકા આ કચ્છી માડુએ સેવાને આપ્યા છે. આ ઉંમરે પણ એમની દિનચર્યા એટલે સવારે દસ વાગ્યે માનવજ્યોતની ઓફિસે જવાનું અને સાંજે છ સુધી અચૂક સેવાકાર્યો કરવાં. ઓફિસ સિવાયના સમયમાં પણ સેવા કરવાની. એમનો મોબાઇલ ચોવીસ કલાક ઓન રહે છે. ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છતાં આ રીતે આખું જીવન સેવામાર્ગે પ્રશસ્ત વડીલને મળવું એટલે આપણી અંદર સદગુણોનું બીજારોપણ કરવું.

મૂળ કચ્છ રાયધણજરના તેઓ વતની. માબાપ મણિબાઈ અને ચાંપશીભાઈનાં આઠ બાળકોમાં સાત દીકરા અને એક દીકરી. ૧૯૪૫માં કોચીનમાં જન્મેલા કુલીનકાંતનો ક્રમ ત્રીજો. કુલીન બીજા વિદ્યાર્થીઓ અને શિક્ષકોની પહેલાં સ્કૂલે પહોંચી જાય. ભણવાનું વિવિધ શાળા-કોલેજમાં કટકે કટકે થયું. આઠમા સુધી કોચીનની ગુજરાતી શાળા, નવમું મુંબઈની અભિનવ નાઇટ સ્કૂલમાં, અગિયારમા સુધી મુંબઈની ખિયશી ચત્રભુજ ખેતશી અજાણી ક. દ. ઓ. જૈન સ્કૂલમાં, બારમું, (પ્રિ-યુનિવર્સિટી વરસ) કલકત્તાની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં, પછી મુંબઈની કે. જે. સોમૈયા કોલેજમાં ત્રણેક મહિના એન્જિનિયરિંગમાં ઇન્ટર સાયન્સ...

મુંબઈમાં ભણતર માટે આવવાના યોગ વિશે તેઓ કહે છે, ‘‘કલકત્તામાં મારા લક્ષ્મીચંદભાઈ રહે. એમની અને નલીનભાઈ સાથે ચર્ચા કરીને મેં ત્યાં કોલેજમાં એડમિશન લીધું. અચાનક કોલેજે પ્રવેશ માટેની ટકાવારી વધારી નાખી તેથી એડમિશન રદ થયું. ત્યારે મુંબઈ રહેતા દામજીમામાને વાત કરીને અહીં આવ્યો. એમને ત્યાં રહેતા એમણે પુનશી દામજી ખોના નામના ટ્રસ્ટીની ભલામણથી સોમૈયા કોલેજમાં એન્જિનિયરિંગના ડિપ્લોમામાં એડમિશન કરાવ્યું.

ત્યાં આવ્યો એ વળાંક જેણે એમને બનાવ્યા ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ, ‘‘મુંબઈમાં હું જ્ઞાતિની વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહમાં રહેતો. એન્જિનિયરિંગનું મારું ડ્રોઇંગ નબળું તેથી ડિપ્લોમાના પહેલા સત્રમાં નાપાસ થયો. મેં કોર્સ મૂકી દીધો. ત્યારે વિદ્યાર્થીગૃહના સાલસ ગૃહપતિ ટી. યુ. શાહે કહ્યું કે તારા અક્ષર બહુ સારા છે તો નામું (અકાઉન્ટ) કર. હું વિદ્યાર્થીગૃહના અકાઉન્ટના કામમાં લાગ્યો અને સંલગ્ન અન્ય સંસ્થામાં રસીદ બનાવવા સહિતનાં કામ કરતો. ત્યાં સી. એ. શિવજીભાઈ વિકમસી આવતા, જેમના વ્યક્તિત્વએ મને મંત્રમુગ્ધ કર્યો. એક દિવસ શાહસાહેબે કહ્યું કે દીકરા, તું અકાઉન્ટમાં ખરેખર સારો છે હોં. તું સી. એ. થઈ શકે છે... ગૃહપતિનું સૂચન, શિવજીભાઈનો પ્રભાવ કામ કરી ગયાં. સાત વરસની મહેનત પછી ૧૯૭૩માં કુલીનકાંતભાઈ સી.એ. થયા.

અભ્યાસ પત્યે તેઓએ જિગરી દોસ્ત સુરેશ ગિરધરલાલ શાહ સંગે લુઠિયા એન્ડ શાહ ફર્મ સ્થાપી. એમનાં લગ્ન મુંબઈમાં રહેતાં હાસબાઈ અને રતનશીભાઈ નાગડાનાં દીકરી હીરાબહેન સાથે થયાં, જેઓ મૂળ સાંધણનાં. પ્રોફેશનલ અને પારિવારિક મોરચે ગોઠવાયા પછી સમાજસેવા તરફ કેવી રીતે વળ્યા? ‘‘સુરેશને ગમતું કે હું પરદુઃખે મદદ કરીને આનંદિત થાઉં છું. જોકે ફર્મ ચલાવવામાં સેવાકાર્યોમાં બાધા આવતી. એકવાર એક ક્લાયન્ટ સાથે અમે કામમાં હતા ત્યાં રક્તદાન માટે ફોન આવતાં હું કામ પડતું મૂકીને દોડી ગયો. પછી સુરેશ કહે કે કુલીન, ફર્મ અને સેવાને સહિયારો ન્યાય આપવો અઘરો છે. એમ કર, તું સેવા પર ધ્યાન આપ અને હું ફર્મ પર. ભાગીદારી જેમની તેમ રહેશે, બસ? આપણને ભગવાન મદદ કરે તો પણ આપણે કોઈકની મદદ કરીએ. સુરેશના આશ્વાસને હિંમત વધારી અને મેં ઠરાવ્યું સેવાનો વ્યવસ્થિત મોરચો ખોલવાનું.

આદર્શ મિત્રને કારણે કુલીનકાંતભાઈને અવસર મળ્યો માહ્યલામાં થનગનતા સેવાના જીવને સમર્પિત થવાનો. ૧૯૯૧માં જન્મ થયો માનવજ્યોતનો. એ પહેલાં પણ કુલીનકાંતભાઈએ મિત્રોસહ નારાયણ સેવા મંડળ સંસ્થા કરીને એમાં ખાસ્સું કામ કર્યું હતું. પછી સદગૃહસ્થ વલ્લભજી ડી. શાહનો સાથ મળ્યો, જેઓએ માનવજ્યોત શરૂ કરવા સાથ આપ્યો. કચ્છી નવા વરસે સંસ્થાનો પ્રારંભ થયો. આજે માનવજ્યોત સેવામોરચે અકલ્પનીય સીમાચિહ્નો સ્થાપનારી સંસ્થા છે એની સૌને ખબર છે.

કુલીનકાંતભાઈ કહે છે, ‘‘વલ્લભભાઈની મદદે બીજ

રોપ્યાં પછી રસિકભાઈ ન્યાલચંદ દોશીના પ્રમુખપદે સંસ્થા શરૂ થઈ. માનવ, પશુ સહિત પર્યાવરણ... દરેક સેવાનો ઉદ્દેશ હતો. સંસ્થાના કાર્યાલય માટે રમેશભાઈ ઠક્કરે ૧૧૦ ફૂટનું ગેરેજ અપાવ્યું. ત્યાંથી સત્તર વરસ સેવાકાર્યો ચાલ્યાં. એમાં માનવજ્યોતની સુવાસ મુંબઈ સહિત દેશ-વિદેશ પહોંચી. સત્તર વરસમાં જસ્ટ અનધર ચેરિટેબલ ટ્રસ્ટમાંથી સેવાક્ષેત્રે એ આદરપાત્ર સંસ્થા બની. ઉદારહૃદયી દાતાઓએ સંસ્થાના વ્યાપને વિસ્તારવામાં સતત સાથ આપ્યો. ૨૦૦૪માં લખમશી ઘેલાભાઈ સાવલા પરિવારે સંસ્થાની સેવાથી પ્રભાવિત થઈને ૬૦૦ ફૂટ જગ્યા આપી. એને માનવજ્યોતનું સુવ્યવસ્થિત કાર્યાલય બનાવવા કુલીનકાંતભાઈ સહિત સી. એ. દિનેશ ગાલા, મૂળચંદ સાવલા વગેરે દાતાઓએ આર્થિક સહયોગ આપ્યો.

એવું નથી કે માનવજ્યોત કાયમ વિનાવિઘ્ને આગળ વધીછે. સેવામાં પણ અડચણો આવે. ખાસ કરીને આર્થિક. એકવાર માનવજ્યોત એવી પરિસ્થિતિમાંથી પસાર થઈ ત્યારે, કુલીનકાંતભાઈ કહે છે, ''મૂળ માંગરોળના અને સદભાવ ફાઉન્ડેશનના ટ્રસ્ટી જીતેન્દ્ર શેઠ વહારે આવ્યા. એમની સમયોચિત મદદથી મુશ્કેલી વટાવીને સંસ્થા ફરી દોડતી થઈ. સમય સાથે કુલીનકાંતભાઈએ સેવાક્ષેત્રે સમાજનો અસાધારણ વિશ્વાસ સંપાદિત કર્યો, ''લોકોને ભરોસો કે માનવજ્યોતને આપેલું દાન ખોટું નહીં થાય. ઘણા રસીદ લીધા વિના દાન કરી જાય. અમે એવા દાનને શિસ્તબદ્ધ રીતે એકઠું કરીને રકમ રૂ. ૪૦ લાખે પહોંચતાં ચાર એમ્બ્યુલન્સ ખરીદી.

ગયા વરસે સંસ્થાએ નવા કાર્યાલયમાં સ્થળાંતર કર્યું. ૩૪ વરસથી અવિરતપણે ચાલતી માનવજ્યોતનાં સેવાકાર્યોને સુદ્રઢ ન્યાય આપવા સંસ્થાનો પંદરેક જણનો કર્મચારીગણ છે. શિવજીભાઈ વિકમશીથી બેહદ પ્રભાવિત કુલીનકાંતભાઈ કહે છે, ''વિદ્યાર્થીગૃહના દિવસોમાં મેં એમને ઘણા જોયા હતા. એમની બોલવાની શૈલી, નિર્ણયશક્તિ, પ્રશ્ન સમજવાની આવડતે ઘણું શીખવ્યું. એમના સિવાય મારા પર શ્રી રવિશંકર મહારાજ અને મીઠીબાઈ કોલેજના પ્રોફેસર અમૃતલાલ યાજ્ઞિકનો પ્રભાવ રહ્યો છે.

કુલીનકાંતભાઈના સેવા આંદોલનમાં હીરાભાભીનો કાયમી સાથ છે. યુગલે નિયમ રાખ્યો છે કે વિશ્વમાં જે કોઈ તકલીફમાં હોય એ આપણું સંતાન, સ્વજન. એમની મદદ કરીએ એટલે જાણવું કે જીવન સાર્થક.

## વિચારસત્ત્વ

''સેવા ઈશ્વરે ચીંધેલું કાર્ય છે, પ્રભુ, અન્યને પ્રભુ કહીને બોલાવવાનો સ્વભાવ ધરાવતા કુલીનકાંતભાઈ કહે છે, ''એનું અભિમાન ના હોય. માનવજીવનનો સદ્ઉપયોગ કરવો રહ્યો. આપણે પરોપકાર કરી શકવા સમર્થ હોઈએ એનાથી મોટી પરમાત્માની કૃપા બીજી કોઈ નથી. જૈફ વયે પ્રવૃત્ત રહેતા કુલીનકાંતભાઈ ઇચ્છે છે જીવનના છેલ્લા શ્વાસ સુધી સેવા કરું. માનવજ્યોતને પીઠબળ પૂરું પાડતા દાતાઓની પાઈએ પાઈ એમને મન સોના જેવી છે, ''એક રૂપિયો મળે તો સવા રૂપિયાનું કામ થવું જોઈએ એ ભાવના અને પ્રયાસ રહે છે.

કુલીનકાંતભાઈને મન યુવાનોએ આ દિશામાં યોગદાન આપવું અપેક્ષિત છે, ''આજની પેઢી પોતાનામાં રાચનારી અને કંઈક અંશે અંતર્મુખી બની છે. એના માટે ટેક્નોલોજી અને ગેજેટ્સનો અતિરેક એક કારણ છે. યુવાનોનું વર્તુળ સંકોચાઈ રહ્યું છે. પરિવારો નાના થઈ રહ્યા છે. આ સ્થિતિમાં સુધાર ઇચ્છનીય છે. યુવાનો ધર્મ, સેવા, સમાજ અને પરિવારનું મહત્ત્વ સમજીને, જ્ઞાન સાથે સંસ્કાર દીપાવશે તો એમની અને દેશની વધુ પ્રગતિ થશે.

## સેવાવિશ્વ

જેઓ સેવાના સમાનાર્થી જેવું જીવન ધરાવે છે એવા સ્વજનનાં સેવાકાર્યો વિશે કેટલું લખીએ? એક ઓછી જાણીતી વાત. કુલીનકાંતભાઈ કહે છે, ''માનવજ્યોતના શરૂઆતી દિવસોમાં મેં અને સુરેશભાઈએ એક બચતમૂડી (કહો કે રિકરિંગ સેવિંગ્સ સ્કીમ)માં નિયમિત ધોરણે થોડી રકમ મૂકવા માંડી હતી. ગયા વરસે એ રકમ એક કરોડની પૂંજીમાં ફેરવાઈ. અમે એ રકમ માનવજ્યોતને અપર્ણ કરી. કોઈક મદદ માટે સંસ્થાનાં દ્વાર ખટખટાવે તો એના હાથમાં જતો મદદનો પહેલો ચેક કુલીનકાંતભાઈનો હોય. પછી

અન્ય દાતાઓને વાત થાય. કુલીનકાંતભાઈ કહે છે, ''સખાવત પોતાનાથી શરૂ થાય ત્યારે એનો આનંદ બેવડાઈ જાય.

માનવજ્યોતની સેવાઓની યાદી લાંબી છે. રક્તદાન, દેહદાન, ચક્ષુ અને અન્ય અંગદાન, દરદીને સોંઘા ભાડે પલંગ આપવા, એમ્બ્યુલન્સ સેવા, બિનવારસ મૃતદેહની સંસ્કારબદ્ધ અંત્યેષ્ટિ કરવી, વડીલસેવા, મેડિકલ કેમ્પ્સ, ડેન્ટલ ક્લિનિકનું સંચાલન... આંકડા સાથે જોઈએ તો આશ્ચર્યચકિત થઈ જવાય. સંસ્થાએ ૫૦,૦૦૦થી વધુ મૃતદેહો પર ધરાવાતાં સાડી, ચાદર, શાલ, ધોતિયાં જેવાં નવાં વસ્ત્રો મેળવીને જરૂરિયાતમંદોને પહોંચાડ્યાં છે. અનેક ઠેકાણે મુકાયેલાં સંસ્થાના બોક્સમાં દાતાઓ વણવપરાયેલી દવાઓ મૂકી જાય. એમાંથી સારી દવાઓ જરૂરિયાતમંદો સુધી પહોંચે છે. કોઈક પરિવારમાં મૃત્યુ પછી સ્વર્ગસ્થે વાપરેલાં વ્હીલચેર, પેસમેકર, હિયરિંગ મશીન, પલંગ જેવાં સાધનો મેળવીને સંસ્થા એને જ્યાં જરૂર હોય ત્યાં મોકલાવે છે. કચ્છમાં સંસ્થાએ ૯૦૦થી વધુ પોલિયો ઓપરેશન્સ કરાવ્યાં છે. જ્ઞાતિમેળાની જેમ લગ્નમેળા યોજીને ૮૦૦થી વધુ દિવ્યાંગજનોનાં લગ્ન સંપન્ન કરાવ્યાં છે.

તેઓ અનેક સંસ્થાઓને સાંકળવાનું મહત્ત્વનું કામ પણ કરે છે. એમના માટે ફાળો ઉઘરાવીને એમને આત્મનિર્ભર બનવા મદદ કરે છે, ''જરૂરી નથી કે દરેક કામ માનવજ્યોત કરે. અન્ય સંસ્થા સારું કામ કરી શકતી હોય તો એના માટે ભંડોળ ઊભું કરવામાં, સંચાલનમાં મદદ કરીને પણ મને તૃપ્તિ મળે છે. ૧૫૦થી વધુ સંસ્થાઓને તેઓ માર્ગદર્શન આપી ચૂક્યા છે. સેંકડો સ્વયંસેવક શિબિરોમાં કાર્યકર્તાઓને, ટ્રસ્ટીઓને વધુ સારું કામ કરવા પ્રેર્યા છે. તેઓ અચ્છા લેખક છે. અનેક પ્રકાશનોમાં એમના અગણિત લેખ સહિત પચાસેક પુસ્તકો પ્રકાશિત થયાં છે. એમાં ગાઇડ ટુ સોશિયલ વર્ક નામે પુસ્તક સેવાક્ષેત્રમાં કાર્ય કરવા ઇચ્છતા લોકો માટે દીવાદાંડી છે. એમણે ગુજરાતની સામાજિક સંસ્થાઓની ડિરેક્ટરી પ્રસિદ્ધ કરી છે.

ટાટા અને જે. જે. હોસ્પિટલમાં દરદીઓ ખર્ચને પહોંચી વળે નહીં ત્યારે ડોક્ટર્સ એમને કહે કે માનવજ્યોતનો સંપર્ક સાધો. એવા દરદીઓને સંસ્થા યથાયોગ્ય મદદ કરે છે. સુરેન્દ્રનગરમાં નિર્ધાર નામની વિધવા પુનર્વસન સંસ્થામાં સેવા આપે છે. ત્યાં તેઓએ લાખેક શાલનું વિતરણ કર્યું છે. નાંદેડની એક હોસ્પિટલને આર્થિક સહાય કરી છે.

માનવજ્યોતની શાખા ઘણાં વરસોથી કચ્છમાં છે. સુકાન પ્રબોધ મુનવરને સોંપાયું હતું. કુલીનકાંતભાઈ કહે છે, ''કચ્છમાં પોલિયો કેમ્પ વખતે વિચાર આવ્યો કે વતનમાં સેવા કરવા ત્યાં શાખા હોય તો અનુકૂળતા રહે. એમાં ધ્યાન પડ્યું નોંધનીય સેવાકાર્ય કરતા જ્ઞાતિજન પ્રબોધભાઈ પર. એમની સાથે વાત કરીને માનવજ્યોતે શાખા કરી. વરસોથી સંસ્થા ત્યાં સેવાઓ કરે છે. પ્રબોધભાઈ હવે માનવજ્યોતનાં કાર્યોમાં યોગદાન આપવા સાથે સ્વતંત્ર સંસ્થાના માધ્યમથી બેવડી સમાજસેવા કરી રહ્યા છે.

કુલીનકાંતભાઈને અનેક એવોર્ડ્સથી નવાજીને સમાજે એમનાં સુકૃતોની સુપેરે નોંધ લીધી છે. એમાં આપણી જ્ઞાતિ તથા કચ્છી સમાજની વિવિધ અગ્રણી સંસ્થાઓ, જાયન્ટ્સ, લાયન્સ, રોટરી વગેરે સહિત સરકારના એવોર્ડ્સ છે. આશરે પોણાબસો એવોર્ડ્સ એમના નામે બોલે છે. એ સિદ્ધ કરે છે કે કુલીનકાંતભાઈ એટલે સેવા અને સેવા એટલે કુલીનકાંતભાઈ.

## અને પ્રકાશ સમીક્ષા વિશે...

''પ્રકાશ સમીક્ષા પહેલેથી વાંચું છું. એમાં ઘણું લખ્યું છે , કુલીનકાંતભાઈ સામયિકની વાત કરે છે, ''એને સો વરસ થઈ રહ્યાં છે એ આનંદની વાત છે. પ્રકાશ સમીક્ષા પાસે ગુણવત્તાભર્યા લેખક સહિત સુંદર સંપાદકગણ છે. તેઓ ઇચ્છે છે કે પ્રકાશ સમીક્ષા વધુ દળદાર બને અને લોકભોગ્ય પણ, ''આપણી જ્ઞાતિ નાની પણ સિદ્ધિઓ મોટી છે. એક સિદ્ધિ આવું પ્રકાશન સો વરસ ચલાવી શકવાની છે. એને ટકાવી રાખવા આપણે યથાશક્તિ અને નિરંતર સાથ આપવો જોઈએ. આભાર, કુલીનકાંતભાઈ!

**આરોગ્ય પ્રકાશ**

# નશાકારક અને આરોગ્ય માટે નુકશાનકારક રોજીંદી ચીજો – ૨



– **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**

ચા-કૉફીમાં વપરાતી સાકર-જેમાં વિટામીન્સ, મિનરલ્સ કે ફાયબર કાંઈ જ નથી. ઉલ્ટું કેમિકલ અને માઈક્રોપ્લાસ્ટીક એના દ્વારા શરીરમાં જાય છે અને આરોગ્યને બગાડે છે. નાસ્તામાં પસંદ કરાતા પાઉં, બ્રેડ, ખારી, બિસ્કીટ વગેરે મેંદાની બનાવટ છે. જે જાડાપણું, ડાયાબીટીઝ, હૃદયરોગનું કારણ બને છે. આ સર્વ ઉંચા તાપમાનના ઉપયોગથી બનાવાય છે જે કેન્સરકારક છે. અમુક બ્રેડમાં આર્ટીફીશીયલ ફ્લેવર્સ, પોટેશ્યમ બ્રોમેટ તેમજ પ્રીઝરવેટીવ, પામઓઈલ વગેરે વપરાય છે. જે આરોગ્ય માટે ખતરારૂપ છે. આમ જો આપણે આરોગ્ય માટે જાગૃત થઈ મેંદાની ચીજો, ફરસાણ કે બજારું કોર્નફ્લેક્સ જેવું ન ખાતા ઉપમા, પૌંવા, મગ, જુવાર, બાજરીના રોટલા જેવો નાસ્તો પસંદ કરીએ. દૂધમાં પ્રોટીન પાવડર કે અન્ય પાવડર નાખી ન આપતાં ઘરે બનાવેલ હોર્લિક્સ જેવું પાવડર-જે ફણગાવેલા ઘઉં, શીંગદાણા, બદામ વગેરે શેકી બનાવાય, તેમાં ફ્લેવર માટે ઈલાયચી કે કોકો પાવડર, મીઠાશ માટે ખડીસાકર, ખારેક પાવડર અને મિલ્ક પાવડર ઉમેરી ખૂબ જ સ્વાદિષ્ટ બનાવી શકાય. આ પાવડર સ્વાદિષ્ટ ઉપરાંત ખૂબજ આરોગ્યદાયી છે. બાળકોને ટીફીનમાં બ્રેડ-જામને બદલે ચીક્કી, ગોળપાપડી જેવી આરોગ્યદાયી વસ્તુઓ ખાવાની ટેવ પાડો.

આપણે સૌ આઈસ્ક્રીમ પ્રેમથી ખાઈએ છીએ પણ ઘણી આઈસ્ક્રીમમાં આલ્કોહોલ, પ્રિઝરવેટીવ, કેમિકલવાળા રંગો તેમજ તેને ઘાટું બનાવવા સોરબિટોલ જેવા રસાયણ વપરાય છે, જે નશાકારક છે તેમજ આરોગ્યને નુકશાન કરે છે. તમને જાણીને નવાઈ લાગશે પણ અમુક આઈસ્ક્રીમમાં આલ્કોહોલ (સ્પિરીટ, રમ, બિઅર કે વાઈન) ઉમેરવામાં આવે છે જેને બુઝી આઈસક્રીમ કે આલ્કોહોલ ઈન્ફ્યુસ્ડ આઈસ્ક્રીમ કહેવાય છે. અમુક ફ્રોઝન ડેઝર્ટ (જે આઈસ્ક્રીમ જેવી જ હોય છે અને આઈસ્ક્રીમના નામે ખવડાવવામાં આવે છે) જેમાં ફ્લેવર તરીકે વ્હિસ્કી કેરેમલ ઉમેરાય છે. અમુક મેન્યુફેક્ચર્સ ફ્લેવરીંગ માટે આલ્કોહોલ કેરિઅર તરીકે વાપરે છે અથવા આઈસ્ક્રીમના બેઈઝ તરીકે વાપરે છે. ફ્રોઝન ડેઝર્ટમાં પુષ્કળ સાકર અને પુષ્કળ સેચ્યુરેટેડ ફેટ (નુકશાનકારક ફેટ) છે જે વજન વધારે છે. હાર્ટએટેક કે હૃદયની બીજી બિમારીઓનું જોખમ વધારે છે, બીજા નુકશાન કરે છે. એમાં ટ્રાન્સફેટ હોઈ શકે છે જે સારું કોલેસ્ટ્રોલ (એચડીએલ) ઘટાડે અને ખરાબ કોલેસ્ટ્રોલ (એલડીએલ) વધારે છે, શરીરમાં સોજા ઉત્પન્ન કરે છે જે હાર્ટએટેકનું જોખમ વધારે. ઘરે બનાવેલ આઈસ્ક્રીમ પ્રમાણમાં ખાઓ જેથી કેમિકલ, પ્રીઝરવેટીવ, નશાકરક અને નુકશાનકર્તા ચીજોને ટાળી શકાય.

બર્થડે એનીવર્સરી, રીંગ સેરેમની જેવા પ્રસંગ ભાગ્યે જ કેક વગર ઉજવાય છે. મેંદાની કોઈપણ વાનગી આરોગ્ય માટે સારી નથી. કેકમાં સાકર અને ચરબી ખૂબ જ હોય છે. થોડા પ્રમાણમાં પામ ઓઈલ, આર્ટીફીશીઅલ કલર્સ, કેમિકલ, પ્રીઝરરેટીવ વગેરે ઉમેરાયેલા હોય છે જે નુકશાનકર્તા જ નહિં, કેન્સરકારક પણ બની શકે. ઘરે મેંદાને બદલે લોટ વાપરી બનાવેલ કેક ઓછી સાકરનો ઉપયોગ, પ્રીઝરવેટીવ કે કેમિકલ રહિત બની શકે છે. જેથી આરોગ્યને નુકશાનથી બચાવી શકાય.

ટીન પેક આઈટમો અને ડ્રીંક્સમાં પ્રીઝરવેટીવ કે બીજા કેમિકલ્સ, આલ્કોહોલ ઉમેરવામાં આવે જેને કારણે ફેટી લીવર, રક્તકણ, શ્વેતકણની ખરાબી થઈ શકે. વેનીલા એસન્સ ડામરમાંથી બનાવે છે, લીક્વીડ એસન્સ સાચવવા આલ્કોહોલ વપરાય છે. હોટલ અને રેંકડી પર મળતા ગ્રેવીવાળા શાકમાં ઘાતક રંગો અને તેને સાચવવા કેમિકલ અને પ્રીઝરવેટીવ વપરાય. ઉપરાંત શાકભાજી, ફળ વગેરે માટે વપરાતા રસાયણિક ખાતર અને પેસ્ટીસાઈડ વગેરે પણ આરોગ્ય માટે નુકશાનકર્તા છે. ઘણી વખત બહારના ખાદ્ય પદાર્થ ખાવાની ટેવ, લત કે નશો જેવી આદત થઈ જાય છે જે ખુબ હાનિકારક છે.

રોજીંદા વપરાશની પ્લાસ્ટીકની ચીજો ખરાબ છે. જેનો વપરાશ વધતો જ ગયો છે. પ્લાસ્ટીકમાં રહેલ બિસફેનોલ A (BPA) નામનું તત્ત્વ નુકશાનકારક છે. પ્લાસ્ટીકના અતિ નાના કણ છુટા પડી માઈક્રોપ્લાસ્ટીક અને નેનોપ્લાસ્ટીક રૂપે હવામાં ભળી, પાણીમાં ભળી કે માટીમાં ભળી એમાં ઉગાડેલા અનાજ દ્વારા આપણા શરીરમાં પ્રવેશી હૃદય, કીડની, લીવર મગજ એટલું જ નહીં માતાના ગર્ભમાં જમા થઈ, આવનાર બાળકને પણ નુકશાન કરી શકે. આવા જ કણો હાર્ટએટેક, સ્ટ્રોક કે કેન્સરનું જોખમ વધારે છે. એ ઉપરાંત અગરબત્તી, અત્તર, એરફ્રેશનર, ડીઓડરંટ, મચ્છર ભગાડવા માટેની વસ્તુઓ, મેકઅપની ચીજો, સાબુ તેમજ આસપાસનું પ્રદુષણ નુકશાનકારક છે. વધતું જતું પ્રદુષણ ધુમ્રપાન કરતાં પણ વધુ નુકશાન કરે છે. આ નશાકારક અને નુકસાનકારક ચીજોથી બચવા વ્યસન અને બજારૂ ખાદ્યપદાર્થથી બચીએ, ઘરના પૌષ્ટીક યોગ્ય આહાર લઈ, બેઠાડું જીવન ત્યજી, કસરત, યોગ, પ્રાણાયામ, પુરતી ઉંઘ, ટેન્શન ફ્રી લાઈફ બનાવી શરીરની પ્રતિકારક શક્તિ વધારી આપણું, બાળકોનું અને યુવાપેઢીનું આરોગ્ય સાચવીએ.


20% Mahavir's • Matunga Sale 30%

"GRAND SALE"

Embroidery Sarees

Shree Mahavir's Embroidery

Parsi Family Shop At Matunga (Since 1978)

Mon. 22-09-2025 to Tue. 21-10-2025

Open All Days Upto Diwali

Timing 10.00 am to 8.30 pm

30% on Hand Gara & Dupatta.

30% on Machine Gara Saree, Kurti, Stall, Kot & Dupatta.

40% on Fancy Embroidery Saree.

20% on Make to Order.

30% on Plain Saree Material.

We are Buying Real Jari and Parsi Gara

50% Discount on

Sample Embroidery Fresh Saree

SHREE MAHAVIR'S EMBROIDERY

Raj Niketan Building,
Near HDFC Bank, Opp. Matunga Post Office,
Bhandarkar Road, Matunga-C.R., Mumbai - 400 019.

40% Mobile : 8652239537 / 9833916510 50%

Mahavir's • Matunga Sale

Mahavir's • Matunga Sale


## રંગત... આ તહેવારની

મસ્તીભરી સાંજે, આકાશ રંગીન લાગે આ તહેવારમાં,
સૌંદર્ય આ ક્ષણનું, જાણે ભરી લઈએ થોડા પાસમાં
મૌન મહાસાગરના વહેણ :
આ તહેવારમાં સોનેરી જળનો જાણે પાલવ લાગે
દીસે ઘરોઘર કંસાર અને ખુશાખુશાલ ચહેરા આ તહેવારમાં,
તેમાં ભેટોની આદાન પ્રદાન તો જાણે ઉલ્લાસ ભરપૂર લાગે.
ઘરે ઘરે આવવું જવું પરસ્પર સ્નેહી સ્વજન સંગાથ,
ઉજવણી તેની અંતરથી આનંદજનક લાગે આ તહેવારમાં
પણ ખરું કહું,
રંગત જેની હતી અનેરી, તે હવે પડી ગઈ છે સાવ ફીકી
હું તો એ તહેવારોને યાદ કરું છું
જે નિયત દિવસે જ ઉજવાતા,
જેમાં ગાઢ જોડાણ અને ધબકતી લાગણીઓ હતી.
ત્યારે મોબાઈલ મેસેજ કે વિડીયો કોલ ન હતા,
છતાંય છાયાચિત્રો હજુય અંકિત છે સ્મરણોમાં !
મારા માટે તો એ જ મારું સ્મિત છે,
મારી જીંદગીનો અમૂલ્ય સાર છે,
માટે જ હું તો હજુ મુજને શોધું છું,
એ મસ્તી ભરપૂર તહેવારોમાં...!!

**-જ્ઞાનેશ જયચંદ લાપસીયા, મુલુંડ ચેકનાકા**

મો.: ૯૯૨૦૫ ૧૩૪૯૩

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### નમ્ર નિવેદન :

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

આપણી ધરોહર

# શોક સમયની વાનગી... ખારી માની

ઍડ. કેતન મધુકાંત લોડાયા-કોઠારા (ગાંધીધામ), મો.:૯૮૭૯૫૨૨૬૪૨



જ્યારે આપણા સમાજમાં કોઈનું અવસાન થાય, ત્યારે તે ઘરમાં રસોઈ બનતી નથી. અને આવા સમયે આડોશ-પાડોશ અને સમાજના લોકો પોતાના ઘરે જે બનતું તે રસોઈ આપી જતાં, એ ખારી માની તરીકે ઓળખાય છે.

શોકના પ્રસંગે ભાવે પણ નહીં તો પણ કમને ભોજન લેવું પડે છે. મીઠાઈ પણ કડવી લાગે એવા સમયમાં બે ત્રણ દિવસ પણ શોકમગ્ન પરિવારને મદદરૂપ બનતી આ પ્રથા એટલે ખારી માની.

ખારા અને મીઠાનો સંબંધ છે ત્યાં સુધી, જેના ઘરમાં સ્વજનનું મૃત્યુ થયું હોય તેના ઘરે એક મહિનો કે વધારે સમય મીઠાઈ બનતી નથી તેઓ મીઠાઈ ખાતા નથી. આવા મીઠાઈ ન ખાવાના રિવાજને ખારી માની સાથે સાંકળી લેવામાં આવી છે. મિષ્ટાન એ ખુશીનું પ્રતીક છે જ્યારે ખારી માની શોકનું પ્રતીક છે .

ખરેખર આજના સમયમાં મોતનો મલજો પણ જળવાતો નથી. અને તેના કારણે સ્વજનને પણ સાચી સાંત્વના મળતી નથી જેને કારણે આ પ્રસંગે દિલમાં દબાયેલી અમુક વાતો બહાર નીકળતી નથી અને એને કારણે પણ હાર્ટ એટેક વધી રહ્યા છે.

હવે નાના પરિવાર અને સમયના અભાવે તેમજ શહેરીકરણના કારણે આ ખારી માનીની જગ્યાએ કેટરર્સના મેન્યુ આવતા થયા છે અને સ્મશાન યાત્રામાં પણ સાંત્વના આપવા આવતા પરિવારો પણ ઓછા થઈ ગયા છે. પ્રાર્થના સાથે ૩ દિવસમાં મિષ્ટાન સાથે સૂગ પણ ઉતારવામાં આવે છે. હવે તો આ ખારી માની કોઈ લઇ જતા નથી કે એમને આ પ્રથાની ખબર નથી એવું જણાય છે. જેમા કોરોના સમયથી આ રિવાજો લુપ્ત થવાના આરે આવી ગયા છે.

આપણે સમાજથી દૂર થઈ રહ્યાં છીએ. ઝડપથી બદલી રહેલા આ સમયનો તાલ મેળવી આ પ્રથામાં ફેરફાર થતા જ રહેશે પણ આપણે એ ભૂલવું જોઈએ નહીં કે જૂની પ્રથા કે રિવાજ આપણા વડીલોએ વિજ્ઞાન સાથે સાંકળેલા છે, જેને આજની પેઢીએ ખરેખર અનુસરવાની જરૂર છે.

---

## ક.દ.ઓ.ના આગામી કાર્યક્રમો

**તા. ૨૭.૦૯ થી ૫.૧૦.૨૫ :** શ્રી કેડીઓ જૈન સર્વોદય મંડળ - મુલુંડ આયોજિત : નેચર ક્યોર કેમ્પ સિઝન ૧૪, કચ્છ, બિદડા ખાતે ૯ દિવસ.

**તા. ૨૮.૦૯.૨૦૨૫ :** શ્રી ક દ ઓ જૈન યુવક મંડળ, બૃહદ ગાંધીધામ વિસ્તાર દ્વારા આયોજિત સાર્થક એકેડમીક એક્સીલન્સ એવોર્ડ ૨૦૨૫ સ્થળઃ શ્રી અંબેમાતા હોલ, સેક્ટર ૪, ઓસ્લો.

**તા. ૨૮.૦૯.૨૫- ૦૬.૧૦.૨૫ :** સાંધવ મહાજન આયોજિત દાતાશ્રીઓના સહકારથી આયંબિલ ઓળીઃ સાંધવ મુકામે.

**તા. ૨૬.૧૦.૨૫ થી ૨૭.૧૦.૨૦૨૫ :** જખૌ ખાતે બિરાજમાન વિકમશી પરીવારના કુળદેવી શ્રી સચ્ચા માતાજીના ભોઇ માની ગંધી બદલી તથા પોડશા દાદાના ભુવા ચયન વિધિઃ જખૌ સ્થાનકે.

**તા. ૦૫.૧૧.૨૦૨૫ :** વારાપધરમાં બિરાજમાન લોડાયા પરીવારના કુલદેવી શ્રી સચ્ચાઇ માતાજીના ભોઈમા ની ગંધી (ચુંદડી) બદલી પ્રસંગઃ સવારે ૯.૦૦ ક. થી.

**સોનલ આર્ટ**(થાણા) **શાંતિભાઈ : 99678 41792**




બટકસબ, મોચી ટાંકો, જીક કસબ, પારસી, પીટા, હાથ અને મશીન વર્કની સાડીઓ, ચણીયાચોળીનો રેડી સ્ટોક તથા ઓર્ડરથી બનાવવામાં આવશે. સાચી જરીની જુની સાડીઓ વેંચી તથા જુની સાડીઓને ઓલ્ટર કરી આપવામાં આવશે

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેનાં ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમ:

# શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન નલીયાના ઉપક્રમે

દેરાસર, નૂતન ઉપાશ્રય, આયંબિલવાડી તેમજ નૂતન ભોજનાલયની બાજુમાંજ અતિ અધતન
સવલત ભર્યા લિફ્ટ સહીત ૧૫ રૂમોનું ગ્રાઉન્ડ + ૨ માળમાં નૂતન અતિથિભવનનું નિર્માણ થઇ રહ્યું છે



## નૂતન અતિથિભવનની વિવિધ યોજનાઓ

- સંપૂર્ણ સંકુલના નામકરણના લાભાર્થી ૫૧,૦૦,૧૧૧
- ગ્રાઉન્ડ, પ્રથમ અને બીજા ફ્લોર ના મુખ્ય તક્તિના દરેકના રૂ. ૧૫,૦૦,૧૧૧
- લિફ્ટના લાભાર્થી રૂ. ૧૧,૦૦,૧૫૧
- ૧ રુમના સંપૂર્ણ ફર્નિચર સહિતના લાભાર્થી રૂપિયા ૬,૩૦,૦૦૦
- રત્ન સ્થંભ લાભાર્થી રૂપિયા ૨,૦૭,૦૦૦ (સાઇઝ ૨૪ ઇંચ X ૧૨ ઇંચ)
- સુવર્ણ સ્થંભ લાભાર્થી રૂપિયા ૧,૫૩,૦૦૦ (સાઇઝ ૧૮ ઇંચ X ૧૨ ઇંચ)
- રજત સ્થંભ લાભાર્થી રૂપિયા ૭૨,૦૦૦ (સાઇઝ ૧૨ ઇંચ X ૧૨ ઇંચ)

અતિથિ ભાવનના સ્કીમના નામો નવી જગ્યામાં યોગ્ય જગ્યાએ લગાડવામાં આવશે

**આ યજ્ઞમાં વધુમાં વધુ લોકો જોડાય, સહયોગ આપે અને માનવતાની ભાવનાને વિસ્તારે એજ અમારી પ્રેરણાત્મક અપીલ છે.**

સંપર્ક ટ્રસ્ટી ગણ :-

શ્રી મુલચંદ પદમશી મોતા (પ્રમુખ) બડગરા-કેરેલા - 09846214203
શ્રી મનોજ ઝવેરચંદ લોડાયા (ઉપ-પ્રમુખ) અંધેરી - 09820096286
શ્રી પીનાકીન જેઠાભાઈ છેડા (માનદ્મંત્રી) મુલુંડ - 09819708086
શ્રી સંજય ચીમનલાલ નાગડા (ખજાનચી) મુલુંડ - 09821062249
શ્રી ચન્દ્રેશ દિનેશ નાગડા (સહ માનદ્ મંત્રી) વડોદરા - 09909099250
શ્રી ચેતન લહેરચંદ નાગડા ડોંબિવલી - 09820105078
શ્રી યશ વિરેન્દ્ર લોડાયા મુલુંડ - 09619508170
શ્રી જુગલ માણેકજી નાગડા અંજાર - 09978002772
શ્રી રાજેશ લખમશી મોતા નલિયા - 09913115130
જયાબેન હીરજી પીર (લોડાયા) નલિયા - 09979253961
શ્રી કમલેશ ભવાનજી લોડાયા માણાવદર - 09426205756
શ્રી લલીત કુંવરજી ખોના નલિયા - 09920403950
સ્થાનિક ઓફીસ નંબર : 73597 71949 (ભાવેશ મૈશેરી) મેનેજર

શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ

# શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલિયા

(શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન નલિયા સંચાલિત)

## પાંજરાપોળના નૂતનીકરણની વિવિધ યોજનાઓ



**રત્ન સ્થંભ લાભાર્થી ૫,૦૪,૦૦૦/=**
**(મુખ્ય ઓફિસમાં ૨૪ ઇંચ x૧૨ ઇંચ ની બે ફોટા સહિત તકતી લગાડવામાં આવશે)**

**સુવર્ણ સ્થંભ લાભાર્થી ૨,૭૦,૦૦૦/=**
**(મુખ્ય ઓફિસમાં ૧૮ ઇંચ x૧૨ ઇંચની એક ફોટા સહિત તકતી લગાડવામાં આવશે)**

**રજત સ્થંભ લાભાર્થી ૧,૫૩,૦૦૦/=**
**(મુખ્ય ઓફિસમાં ૧૮ ઇંચ x૧૨ ઇંચમાં નામની તકતી લગાડવામાં આવશે)**

આ સંસ્થામાં 80G અને CSR ઉપલબ્ધ છે

**પાંજરાપોળના નૂતનીકરણની વિવિધ યોજનાઓમાં વડીલો અથવા આપનું નામ લખાવી જીવદયાના કાર્યમાં સહભાગી બની શકો છો**

**સહુનો સહકાર — સહુ માટે કલ્યાણકાર...!**

સંપર્ક ટ્રસ્ટી ગણ :-

શ્રી મુલચંદ પદમશી મોતા (પ્રમુખ) બડગરા-કેરેલા - 09846214203
શ્રી મનોજ ઝવેરચંદ લોડાયા (ઉપ-પ્રમુખ) અંધેરી - 09820096286
શ્રી પીનાકીન જેઠાભાઈ છેડા (માનદ્‌મંત્રી) મુલુંડ - 09819708086
શ્રી સંજય ચીમનલાલ નાગડા (ખજાનચી) મુલુંડ - 09821062249
શ્રી ચન્દ્રેશ દિનેશ નાગડા (સહ માનદ્‌ મંત્રી) વડોદરા - 09909099250
શ્રી ચેતન લહેરચંદ નાગડા ડોંબિવલી - 09820105078
શ્રી યશ વિરેન્દ્ર લોડાયા મુલુંડ - 09619508170
શ્રી જુગલ માણેકજી નાગડા અંજાર - 09978002772
શ્રી રાજેશ લખમશી મોતા નલિયા - 09913115130
જયાબેન હીરજી પીર (લોડાયા) નલિયા - 09979253961
શ્રી કમલેશ ભવાનજી લોડાયા માણાવદર - 09426205756
શ્રી લલીત કુંવરજી ખોના નલિયા - 09920403950
સ્થાનિક ઓફીસ નંબર : 73597 71949 (ભાવેશ મૈશેરી) મેનેજર

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ નલિયાના સર્વે ટ્રસ્ટીગણ ના જયજિનેન્દ્ર**

ઈતિહાસનું પાનું

# (કચ્છી) જૈનોનું ધાર્મિક જીવન

(પ્રકરણ - ૧૯)

સંગ્રાહક : નવીન પટેલ, વડોદરા



જૈન ધર્મના મુખ્ય બે ફિરકાઃ શ્વેતાંબર અને દિગંબર, આખા કચ્છમાં કોઈ દિગંબર હોય એવું મારા જાણવામાં નથી આવ્યું. શ્વેતાંબરના મુખ્ય બે ફિરકાઃ મૂર્તિપૂજક અને અમૂર્તિપૂજક (કે સ્થાનકવાસી). આ બન્ને ફિરકાના અનુયાયીઓ કચ્છમાં છે અને બન્નેની માન્યતા પ્રમાણે ધર્મનાં સાધનભૂત સ્થાનો પણ છે. એટલે મૂર્તિપૂજકોના મોટાં મોટાં તીર્થો, ગામે ગામ એક કે એકથી વધારે રમણીય મંદિરો, ઉપાશ્રયો, ધર્મશાળાઓ વિગેરે છે. જ્યારે જ્યાં જ્યાં સ્થાનકવાસીની વસ્તી છે, ત્યાં ત્યાં સાધુ સાધ્વીઓને ઉતરવામાં સ્થાનકો પણ સારી સગવડતાવાળાં બનેલાં છે. આખા અબડાસામાં કેવળ મૂર્તિપૂજક સિવાય એક પણ ઘર સ્થાનકવાસીનું નથી. હાલાઈમાં માત્ર એક કે બે ગામમાં જ થોડાક સ્થાનકવાસી છે. વાગડ અને માકપટમાં પણ કવચિત જ સ્થાનકવાસી છે, જ્યારે કંઠીમાં મંદિરમાર્ગી અને સ્થાનકવાસી બંન્ને સારી સંખ્યામાં છે. (તે વખતે હાલારને કચ્છનો જ ભાગ માનતા હતા !)

મંદિરમાર્ગીમાં અચળગચ્છ, તપગચ્છ, ખરતરગચ્છ અને પાર્શ્વચંદ્રગચ્છ એમ ચાર ગચ્છો કચ્છમાં છે. તેમાં આખા અબડાસા અને હાલાઈમાં કેવળ અચળગચ્છ જ છે. આખા વાગડમાં કેવળ તપગચ્છ છે, જ્યારે કંઠીમાં ઉપરના ચારેય ગચ્છો છે.

કંઠીમાં જ્યાં સ્થાનકવાસી છે, ત્યાં છ કોટી, આઠ કોટી, નાની પક્ષ, મોટી પક્ષ-એમ સ્થાનકવાસીના બધાય પક્ષના અનુયાયીઓ પણ છે. એમાં મોટી પક્ષ અને છ કોટી પક્ષના સાધુઓ અને ગૃહસ્થોમાં દિલની ઉદારતા સારી જોવાય છે. તેઓ ઉદારભાવે જ્યાંથી ધાર્મિક લાભ મળી શકતો હોય ત્યાં વ્યાખ્યાનાદિ શ્રવણ કરવા જાય છે અને સાધુઓ મૂર્તિપૂજાનું ખંડન કરતા હોય એવું નથી જોવાતું. નાની પક્ષવાળાઓની સંકુચિતતા જોઈને તો કોઈને પણ આશ્ચર્ય થયા વિના ન રહે. પોતાના સિવાય સંસારમાં કોઈ ચારિત્ર્યધારી સાધુ-સાધ્વી છે જ નહિ એવી એમનાં સાધુ-સાધ્વીઓની માન્યતા. એ માન્યતાના આધારે પોતાના અનુયાયીઓને પોતાના સ્થાનક સિવાય બીજે ક્યાંય ઉપદેશ વાણી સાંભળવા જવું નહિ, બીજા કોઈ પણ સાધુ-સાધ્વીને ધર્મબુદ્ધિથી ભિક્ષાપણું વહોરાવવાં નહિ, બીજા કોઈ પણ સાધુ સાધ્વીને હાથ જોડવા નહિ, વગેરે નિયમો કરાવે છે. એટલું જ નહિ પરંતુ પોતાના ભક્તોમાં 'સમગત' (!)ની લ્હાણી કરે છે, અર્થાત બીચારાં ભોળા લોકોને સમક્તિ આપે છે, જાણે કે સમક્તિનો ઈજારો પોતે જ ન લઈ રાખ્યો હોય ! જાણે કે સમકિત એ મૂળા-ગાજર જેવી વસ્તુ જ ન હોય ! કંઠીમાં વિચરતાં એ સંપ્રદાયના સાધુઓને સમક્તિ આપતાં, આગ્રહપૂર્વક સમકિત આપતાં અમે જોયા, ત્યારે એક દિવસ મેં વ્યાખ્યાનમાં કહ્યુંઃ 'કચ્છમાં બે ચીજ ખૂબ સસ્તી છેઃ એક ગાજર અને બીજું સમકિત.' છન્નુના દુકાળમાં ઢોરને ખવડાવવા માટેનાં ગાજર ખૂબ સસ્તાં હતાં, પણ એના કરતાં યે નાની પક્ષના સ્થાનકોમાં સમક્તિ વધારે સસ્તું વેચાતું હતું, કારણ કે ગાજરની તો કાંઈક તો કિંમત બેસતી, પણ સમકિત ખરીદવામાં ફૂટી કોડીનુંયે ખર્ચ નહિ. અસ્તુ !

સમ્મુચય રીતે વિચારતાં કચ્છના જૈનોમાં ધાર્મિક શ્રદ્ધા સારી છે. ખાસ કરીને બહેનોમાં. બહેનોમાં જૈન ધાર્મિક શ્રદ્ધા છે, તેમ ધાર્મિક જ્ઞાન પણ પુરૂષોની અપેક્ષાએ અધિક જોવાય છે. ભૂજ, માંડવી, સૂથરી, નલીયા, જખૌ, કોડાય, ભૂજપૂર, દેવપર, વિગેરે ગામોમાં જૈન તત્વજ્ઞાનની જાણનાર કેટલીય બહેનો છે, જ્યારે પુરૂષોમાં તે ઘણા એવા પણ જોવાયા, કે જેમને શુદ્ધ નવકારમંત્ર પણ નથી આવડતો. ગામમાં ભવ્ય મંદિર હોય, છતાં પુરૂષોમાં દર્શન કરનારા પણ ભાગ્યે જ બે-ચાર નીકળે.

કચ્છમાં અત્યારે જે કાંઈ ધર્મના સંસ્કારો થોડા જોવાય

છે, એમાં પ્રાચીન સમયમાં વિચરેલા ત્યાગી સાધુઓ ઉપરાંત યતિઓ, ગોરજીઓનો ફાળો પણ ગણી શકાય. કહેવાય છે કે એક સમયે કચ્છમાં ગોરજીઓનું જોર સારું હતું. તેમાંના ઘણા ખરા ક્રિયાવાદી, વિદ્વાન અને પ્રભાવશાળી પણ હતા. પરિણામે તેઓ દ્વારા ધર્મની પ્રવૃત્તિ સારી રહેતી. અત્યારે હવે ગોરજીઓનું જોર ઘટી ગયું છે. કવચિતજ ક્યાંય દેખાય છે. જે છે તેઓ પણ કેવળ દવાદારુ, ધંધો-રોજગાર કે દોરા-ધાગા કરી પોતાનું ગુજરાન નભાવી રહ્યા છે, એટલે એમનો ગુરુ તરીકેનો દાવો ને પ્રભાવ નથી રહ્યો. કેટલાકોએ તો હવે લગ્નાદિ પ્રથાઓ પણ શરૂ કરી દીધેલ છે.

ધર્મના પ્રચારનો, ધર્મની જાગૃતિનો આધાર ત્યાગી ગુરુઓ પર છે, પરંતુ અત્યારે કચ્છના જૈનોની ધાર્મિક સ્થિતિ ખરેખર નાજુક બની રહી છે. બાહ્યદષ્ટિએ ભલે થોડી ઘણી પ્રવૃત્તિ દેખાતી હેય, પરંતુ અંદરખાનેથી તપાસતાં ઉત્સાહ પ્રેમ ઓસરતાં દેખાય છે, અને તેનું કારણ મને તો સાચા શુદ્ધ, પવિત્ર, વિદ્વાન સાધુઓના વિચરણનો અભાવ જ જણાય છે.

મેં એક પ્રકરણમાં કહ્યું છે તેમ કચ્છમાં લાખ-પોણોલાખ જૈનોની વસ્તી છે. બધાય શ્વેતાંબર છે. ગામેગામ મંદિરો છે, મોટાં મોટાં તીર્થો છે, પૈસો છે, બધુંય છે, છતાં આખા કચ્છમાં મૂર્તિપૂજક દોઢ કે વધારેમાં વધારે બે ડઝન સાધુઓથી વધારે સાધુ નથી દેખાતા. અને તેમાંય સારો પ્રભાવ પાડી શકે, લોકોને આકર્ષણ કરી શકે એવા તો ભાગ્યેજ એક બે હશે. કેટલાક તો એવા છે કે માત્ર સફેદ કે પીળાં કપડાં સિવાય ભાગ્યે જ એમનામાં સાધુતાનું એક પણ ચિન્હ દેખાય. કોઈ કોઈ એવા પણ છે કે એક યા બીજાં કારણે પોતાની પ્રતિષ્ઠા ગુમાવી બેઠા છે, જ્યારે અમૂક એવા પણ છે કે પોતાના રાગી અમુક ગામોથી આગળ વધી શકતા નથી, આવી સ્થિતિમાં આખો કચ્છ જાણે જૈન સાધુઓના અભાવવાળો જ દેખાય છે. આવી રીતે સ્થાનકવાસી સંપ્રદાયના સાધુઓ પણ દેશની વસ્તીના પ્રમાણમાં ઘણાં જ ઓછા વિચરે છે. તેમાં વિદ્વાન ને સારા વ્યાખ્યાતા સાધુઓમાં આઠ કોટીના શ્રીમાન દેવચંદ્રજી, શ્રીમાન લક્ષ્મીચંદજી જેવા બહુ જ ઓછા વિચરે છે. આવી બહોળી વસ્તીવાળા ગામેગામ મંદિરોવાળા અને મોટા મોટા તીર્થોવાળા દેશમાં શું કારણ છે, કે મંદિરમાર્ગી સારા વિદ્વાન પ્રભાવશાળી સાધુઓ ઓછા આવે છે ? અથવા આવે છે તે રોકાતા નથી ને યાત્રાઓ કરી પાછા વળી જાય છે ?આનાં કારણો સંબંધી મેં ખૂબ વિચાર કર્યો છે. મને જે કાંઈ કારણે જણાયાં છે તે આ છેઃ-

સૌથી પહેલું કારણ છે ખોરાકની પ્રતિકૂળતા. કચ્છ લુખો દેશ છે. અમૂક ગામોને કે લગભગ ગુર્જરોને છોડીએ તો સૌનો ખોરાક બાજરીનો રોટલો ને છાશ. ગુજરાત કાઠિયાવાડમાં જન્મેલા ને ત્યાંના ખોરાકથી પોષાએલા જીવનવાળા સાધુઓને એકાએક આ દેશનો ખોરાક કદાચ માફક ન આવે તે સ્વાભાવિક છે.

બીજું કારણ કેળવણીના અભાવે સંસ્કારિતાની ખામી. શ્રદ્ધા ને ભક્તિ હોવા છતાં વિવેકની ખામી.

ત્રીજું ઘણો ખરો સંસ્કારી વર્ગ પરદેશ રહે ને સ્થાનિક રહેનારાઓનો ધંધો ખેતીનો ને મજૂરીનો, એટલે લાભ બહુ જ ઓછો લઇ શકે.

ચોથું, ધાર્મિક જ્ઞાનનો અભાવ. આ અભાવ એટલે બધો છે કે સારા વિદ્વાન સાધુનું વ્યાખ્યાન સમજવાને શક્તિ ધરાવનારા બહુ જ ઓછા, એટલે વિદ્વાન વક્તા સાધુને મઝા ન જ આવે.

પાંચમું સ્ત્રીઓનું પ્રાધાન્ય. પુરૂષો ઘણે ભાગે કાં તો પરદેશ હોય અથવા ખેતરેએ કે ધંધા રોજગારે જાય.

છઠ્ઠો 'ઈ મા'રાજ પાંજા નઈ.' 'મારા' 'નહિ મારા'નો ભેદ. આખા કચ્છમાં વાગડને છોડી લગભગ અંચળગચ્છની બહુલતા. તેમાં અબડાસા, હાલાઇ વિગેરેમાં તો અંચળગચ્છ સિવાય બીજો ગચ્છ જ નહિ, એટલે કોઈ પણ સાધુ ગામમાં પ્રવેશ કરે કે તરત બાઈઓમાં ચર્ચા ચાલે, કે 'આપણાં છે કે બીજાના ?' 'દેશી છે કે પરદેશી?' પછી બાઈઓની ચર્ચા! કહેવું જ શું? જે કોઈ સાધુ ખૂબ વિદ્વાન હય, પ્રભાવશાળી

હોય, સારો વક્તા હોય તો આ 'મારા' 'નહિ મારા'ના ભેદને ભૂલાવી ઘેલું લગાડી દે, પણ જે કોઈ સાધારણ સાધુ હોય, તો એની કદર ઓછી જ થાય, અને તેમાંય જો કોઈ બીજા ગચ્છનો સાધુ-સાધ્વી ઉશ્કેરનાર, બહેકાવનાર મળી જાય, તો તો બસ ! આવેલ સાધુ બીચારો મૂઠી વાળીને ચાલતો જ થાય.

આ બધાં કારણો એવાં છે કે જેના લીધે મારી નમ્ર માન્યતા પ્રમાણે ગુજરાત-કાઠિયાવાડ જેવા નજીકના દેશમાંથી પણ સાધુઓ આવવામાં આંચકા ખાતા હશે.

પણ મારા પોતાના માનવા અને અનુભવ પ્રમાણે તો હું એમજ કહી શકું છું, કે સમાજ તો દૂધીના વેલા જેવો છે. એને ગમે ત્યાં રાખો, ગમે ત્યાં ચઢાવો, તે ચઢવા ને પડી રહેવા તૈયાર છે. જેને ધર્મની ધગશ છે, લોક કલ્યાણની ભાવના છે. તેઓ ગમે તેવા કારણોનો સામનો કરીને પોતાનું ધાર્મિક કાર્ય કરી શકે છે. સચ્ચાઈની આગળ ગમે તેવા વિરોધ કે ગમે તેવી પ્રતિકૂળતાઓ કાંઈ પણ અસર કરી શકતી નથી.

કચ્છમાં સાધ્વીઓની સંખ્યા જરૂર કાંઈક ઠીક ઠીક પ્રમાણમાં જોઈ શકાય છે, પણ ઘણે ભાગે તે અચળગચ્છની છે અને તે પણ લગભગ કચ્છની જ. થોડીક પાયચંદ ગચ્છની સાધ્વીઓ સારી વિદુષી અને ખટપટથી દૂર રહેનારી છે કે જેઓ થોડાંક ક્ષેત્રોને સંભાળી સારો ધર્મોપદેશ કરે છે.

હમણાં ચાલુ સાલમાં ઠેઠ મારવાડ જેવા દૂર દેશથી મહાન કષ્ટો ઉઠાવીને દશ સાધ્વીઓ ખરતર ગચ્છની આવી છે. તેમણે માંડવીમાં ચોમાસું કર્યું છે. શ્રી પ્રમોદશ્રીજી, રાજેન્દ્રશ્રીજી વિગેરે. તેમણે પોતાના ચારિત્ર્યની, વિદુષિપણાની વક્તૃત્વ શક્તિની સારી છાપ પાડી છે. માંડવીના સંઘે પણ આવી ઉત્તમ સાધ્વીઓનો સારો આદર કરીને પોતાની ગુણાનુરાગતાનો સાથે પરિચય કરાવ્યો છે. સાધુઓના વિચરવામાં ગૃહસ્થોની ભાવના લાગણીઓ વધુ કામ કરે છે. ગુજરાત-કાઠિયાવાડ કે બીજા દેશોમાં સાધુઓને દૂર દૂરથી પણ વિનંતિ કરીને આગ્રહપૂર્વક પોતાના ગામમાં લાવવાની જે ભાવના જોવાય છે, એ ભાવના ને એ પદ્ધતિ કચ્છમાં નથી જોવાતી. ચોમાસાની નજીકમાં કોઈ સાધુ ગામમાં આવી ચઢયો હોય અને ગામવાળાઓને માલૂમ પડે કે આ મહારાજને રાખવામાં મહેમાનોની ઉપાધી વધુ નહિ રહે અને ખર્ચ કંઈ નથી, તે ગામવાળા કહી દેશે કે 'મહારાજ, ચોમાસું અહિં કરો.' એટલે ગૃહસ્થોની આ બેદરકારી પણ સાધુઓના સમાગમથી એમને વંચિત રાખે છે.

એકંદર રીતે કચ્છના જૈનોનું ધાર્મિક જીવન જુદી જુદી દ્રષ્ટિએ વિચારીએ તો બીજા દેશો કરતાં જુદું જ તરી આવે છે. કચ્છનું માનસ કંઈક એવું છે કે તેનામાં ભક્તિ, પ્રેમ, શ્રદ્ધા ને પૈસો બધું હોવા છતાં બીજા દેશો કરતાં અનેક બાબતોમાં તે પછાત રહે છે. મારી તો એ સલાહ છે, કે ગુજરાત, કાઠિયાવાડ અને બીજા દેશોમાં વિચરનારા મુનિરાજોએ ગમે તેવાં કષ્ટોનો સામનો કરીને પણ આ દેશમાં વિચરવું જોઈએ. વિચરવા લાયક દેશ છે. સાચ્ચા સાધુનું સન્માન જરૂર થાય છે, ત્યાં સુધી કે હજારો માણસોનાં ટોળેટોળાં પાછળ ફરે છે. ઘેટાંના ટોળામાં કોઈ કાળું મેઢું હોય, તો તેથી કાંઈ ડરવાની જરૂર ન હોય, સચ્ચાઈમાં ભય ન જ હોય.


MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

**Full પૈસા વસુલ Offer**
**જો આયેગા વો પાયેગા**
**નહીં આયેગા વો પછતાયેગા**

- હેન્ડ પારસી ગારા સાડી, દુપટ્ટા
- મશીન પારસી સાડી, કુર્તી, દુપટ્ટા, Stoll, બોર્ડર.
- Party Wear Saree.
- રંગબેરંગી બાંધણી, દુપટ્ટા
- કોટન કોટા વીવીંગ તથા એમ્બ્રોયડરી સાડી.
- દાદી-નાનીને પ્રસંગમાં પહેરવા લાઈટ વેઈટ સાડી.
- પ્લેન પોતમાં (અનેક વેરાયટી)
- ફેન્સી મસલીન કોટન પ્રીન્ટેડ કુર્તી સેટ (3 pcs, 2 pcs, A/c જેવી ઠંક આપે તેવું મટીરીયલ)
- દરેક જાતનું એમ્બ્રોયડરી વર્ક તમારી પસંદગી મુજબ સાડી-ચણીયાચોળી, ડ્રેસ, ઓલ્ટ્રેશન.

**SPL OFFER :** ફક્ત સાચી જરીની સાડી, ચણીયાચોળી, ઘરચોળા, બોર્ડર, બ્લા, સેલા, ચંદરવા, પોડીયા, બજાર કરતાં વધારે ભાવથી વેંચવા જુની અને જાણીતી દુકાન.

**રોકડા રૂપિયા-સંતોષકારક વળતર-તરત જ ફાઈનલ**

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
**M. : 91 3714 6272 / 96195 54801**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ

# ક.દ.ઓ. તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના



**શોભના અશોક નાગડા**
રંગપુર (સી વુડ, નેરૂલ)
વર્ષીતપ અને
સિદ્ધિતપ



**પ્રદિપ વેરશી સાયલા**
તેરા (વાપી)
૫૮ આયંબિલ
ઓળી



**ગીતા કિરીટી લોડાયા**
સાંયરા (ડોંબિવલી)
૫૩ દિવસ
યુગાપધાન તપ



**હિના મયુર શાહ (ધુમ)**
કોઈમ્બતૂર
શત્રુંજય - માસખમણ તપ
૪૬ દિવસ



**ડિમ્પલ અભય ધરમશી**
સાંધાણ (ભુજોડી)
૨૩ પાર્શ્વ જીન તપ
૪૫ દિવસ



**હિના પ્રદિપ લોડાયા**
સાંયરા (કોઈમ્બતૂર)
શત્રુંજય તપ, ૪૨ દિવસ



**દર્શના કૈલાશ શાહ**
નલિયા (વાપી)
શત્રુંજય તપ



**વંદના સમીર લાલકા**
વારાપધર (અમદાવાદ)
માસખમણ



**દિપ્તી મયુર લોડાયા**
મોટી ખાવડી (ઘાટકોપર)
સિદ્ધિતપ



**લીના હિતેન લોડાયા**
આરીખાણા (ઘાટકોપર)
સિદ્ધિતપ



**કેતલ સમીર મોતા**
સુથરી (અંજાર)
સિદ્ધિતપ



**સમીર અતુલ મોતા**
સુથરી (અંજાર)
સિદ્ધિતપ



**ખુશ્બુ ખંતીલ મોમાયા**
વરાડીયા (ભાંડુપ)
સિદ્ધિતપ



**હિના હરિશ લાલકા**
વારાપધર (આદીપુર)
સિદ્ધિતપ



**નિલમ ભદ્રેશ લાલકા**
વારાપધર (આદીપુર)
સિદ્ધિતપ



**રમીલા મોહનલાલ સોની**
નલિયા (ભાંડુપ)
૨૧ ઉપવાસ



**હિના રાજેશ મુનવર**
જખૌ (બેલ્લારી)
૧૬ ઉપવાસ



**હર્ષ કૈલાસ શાહ**
નલિયા (વાપી)
૧૬ ઉપવાસ



**પદમ લાલજી લોડાયા**
વરાડીયા (ડોંબિવલી)
૧૬ ઉપવાસ



**અનીતા ભરત લોડાયા**
મોટી સિંઘોડી (મુલુંડ)
૯ ઉપવાસ

# ક.દ.ઓ. તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના



**હિના જીતેન્દ્ર લોડાયા**
વરાડીયા (ડોંબિવલી)
૯ ઉપવાસ



**ખુશ કિંજલ મૈશેરી**
લાલા (અમદાવાદ)
અઠ્ઠાઈ - ૫ એકાસણા



**કરિશ્મા ઉપેન ધરમશી**
નાની સિંધોડી
ચૌવિહારી અઠ્ઠાઈ



**એકતા જયંતિલાલ મોમાયા**
જખૌ (ઘાટકોપર)
મૌન અઠ્ઠાઈ



**દર્શના દર્પણ છેડા**
સુથરી (મુલુંડ)
મૌન અઠ્ઠાઈ



**જયા માણેકજી સોની**
સુથરી (કાંજુરમાર્ગ)
અઠ્ઠાઈ



**પુજા નિકુંજ દંડ**
સુથરી (મુલુંડ)
અઠ્ઠાઈ



**નિકુંજ કાર્તિક દંડ**
સુથરી (મુલુંડ)
અઠ્ઠાઈ



**નેહા હિમતલાલ ખોના**
રંગપુર (મુલુંડ)
અઠ્ઠાઈ



**યુગ નેહા ખોના**
રંગપુર (મુલુંડ)
અઠ્ઠાઈ



**કલ્પના રાજેન્દ્ર લોડાયા**
મોટી ખાવડી (ઔરંગાબાદ)
અઠ્ઠાઈ



**ભૂમિક પરેશ મોતા**
નલિયા (કોચીન)
અઠ્ઠાઈ



**હર્ષા ઉદયન શાહ (લોડાયા)**
મોટી સિંધોડી (મુલુંડ)
અઠ્ઠાઈ



**સ્મિતા ચેતન લોડાયા**
વારાપધર (હુબલી)
અઠ્ઠાઈ



**કલ્પરાજ પિયુષ લોડાયા**
વારાપધર (ગાંધીધામ)
અઠ્ઠાઈ



**વિજયા જયંતીલાલ મોમાયા**
જખૌ (ઘાટકોપર)
અઠ્ઠાઈ



**હિરલ હિતાંશુ ધુલ્લા**
સુથરી (મુલુંડ)
અઠ્ઠાઈ



**પુજા ભાવિક મોતા**
નલિયા (ઠાકુર્લી)
અઠ્ઠાઈ



**ધારીણી લહેરચંદ સોની**
જખૌ (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**નરેશ મેઘજી છેડા**
નલિયા (શહાડ-કલ્યાણ)
અઠ્ઠાઈ

# ક.દ.ઓ. તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના



**હીર નિખીલ મોમાયા**
વારાપધર (હૈદરાબાદ)
અઠ્ઠાઈ



**ભરત સોમચંદ મુનવર**
જખૌ (બેલ્લારી)
અઠ્ઠાઈ



**તન્વી પારસ નાગડા**
નલિયા
અઠ્ઠાઈ



**પાર્થ જીતેન્દ્ર દંડ**
વરાડિયા (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**આશા નરેશ સોની**
વાંકુ (ઘાટકોપર)
અઠ્ઠાઈ



**પ્રિન્સ મનોજ ગોસર**
નલિયા (સોનગઢ)
અઠ્ઠાઈ



**પૂનમ હસમુખ લોડાયા**
લાલા (ભાંડુપ)
અઠ્ઠાઈ



**શિવમ શૈલેશ લોડાયા**
લાલા (ભાંડુપ)
અઠ્ઠાઈ



**ચેતન ગોવિંદજી મોમાયા**
વારાપધર (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**લિસા વિપીન મોતા**
સુથરી (મુલુંડ)
અઠ્ઠાઈ



**વિવેક વિપીન મોતા**
સુથરી (મુલુંડ)
અઠ્ઠાઈ



**હેમાંગી વિપીન મોતા**
સુથરી (મુલુંડ)
અઠ્ઠાઈ



**ધૈર્ય હિતેશ પોલડીયા**
ડુમરા (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**કરણ કિશોર ભારાણી**
**(ખોના)** જખૌ (વાપી)
અઠ્ઠાઈ



**પુજા કરણ ભારાણી**
**(ખોના)** જખૌ (વાપી)
અઠ્ઠાઈ



**ચેતના હિતેશ શાહ**
**(મોમાયા)** જખૌ (જલગાંવ)
અઠ્ઠાઈ



**કિરણ નારાણજી મોમાયા**
સુથરી (ભાંડુપ)
અઠ્ઠાઈ



**શશાંક દિલીપ દંડ**
સાંધવ (મુલુંડ)
અઠ્ઠાઈ



**ભાવના વનરાજ ધુલ્લા**
સેવક ભરૂડિયા (મુલુંડ)
અઠ્ઠાઈ



**નિતી નરેન લોડાયા**
કોઠારા (મુલુંડ)
અઠ્ઠાઈ

# ક.દ.ઓ. તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના



**અજય રતનશી સોની**
સાંયરા (જલગાંવ)
અઠ્ઠાઈ



**ધૈર્ય વર્ધમાન નાગડા**
નલિયા (વડોદરા)
અઠ્ઠાઈ



**વૃષ્ટિ વિનોદ ધુલ્લા**
બાંઢીયા (હુબલી)
અઠ્ઠાઈ



**જીનાજ્ઞા ભાવિન ધુલ્લા**
**(દૌલત)** સુથરી (નાસીક)
અઠ્ઠાઈ



**યોગિતા મનીષ લોડાયા**
બારોઈ (નાસીક)
અઠ્ઠાઈ



**ભવ્યા ચિરાગ નાગડા**
કુઆપધર (દેવલાલી)
અઠ્ઠાઈ



**મનન દિપેન લોડાયા**
બાંઢિયા (નાસીક)
અઠ્ઠાઈ



**રાકેશ હિરાચંદ છેડા**
નલિયા (હુબલી)
અઠ્ઠાઈ



**અંશ ઉદય ધરમશી**
સાંધાણ (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**રૂષભ રાજેશ મેપાણી**
**પ્રજાઉ (મુલુંડ)**
અઠ્ઠાઈ



**પ્રેરણા વિનય શાહ**
વરાડિયા (ભોપાલ)
અઠ્ઠાઈ



**વિક્રાંત મયુર ધરમશી**
ગોરખડી (કોચી)
અઠ્ઠાઈ



**સ્મિતા મહેશ ધરમશી**
ગોરખડી (તિલકનગર)
અઠ્ઠાઈ



**મોનિષા કૃણાલ મૈશેરી**
નાની સિંધોડી (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**હિના દિનેશ લોડાયા**
**(અજાણી)** મુલુંડ (કોઠારા)
અઠ્ઠાઈ




**ભાવેશ ચંદ્રકાંત ધરમશી**
સુથરી (મુલુંડ)
અઠ્ઠાઈ



**પ્રાપ્તિ ભાવેશ ધરમશી**
સુથરી (મુલુંડ)
અઠ્ઠાઈ



**રિદ્ધિ મહેન્દ્ર મોમાયા**
બારોઈ (નાસીક)
અઠ્ઠાઈ



**માહિકા અમીત શાહ**
જખૌ (દેવલાલી)
અઠ્ઠાઈ



**કેવલ ગૌતમ મોમાયા**
સાંયરા (જામનગર)
અઠ્ઠાઈ

**વધુ તપસ્વીઓના ફોટા પાના નં. ૪૦ ઉપર**

વનિતા
વિશ્વ

# એક સત્ય કથા

- માલતી હરીશ ધરમશી-નવી મુંબઈ, Mo. 98692 89345
E-mail : maltidharamsi@gmail.com



થોડા દિવસ પહેલાં જ આપણી કદઓની એક નારી જેણે આજથી ત્રીસેક વર્ષ પહેલાં આંતરજ્ઞાતિય લગ્ન કરેલા, એના મૃત્યુના સમાચાર વાંચ્યા અને દિલ એક ધબકાર ચૂકી ગયું. ખેર. મૃત્યુ તો સ્વાભાવિક છે. પરંતુ આ મૃત્યુ સ્વાભાવિક નહોતું. જ્યારે એના માવિતરે સમાચાર મળ્યા ત્યારે સૌથી પહેલા એના ભાઈએ પોલીસને ફોન કરીને અંતિમવિધિ ક્રિયાને અટકાવવા FIR લખાવી. બોડીનું પોસ્ટમાર્ટમ કરાવ્યું. રિપોર્ટ અનુસાર એ દાદર પરથી પડી જવાના કારણે મૃત્યુ પામી. ત્યારબાદ આજુબાજુના CCTVનાં ફૂટેજની મદદથી ખબર પડી કે એ બહેન પડી નહોતી પણ એને ધક્કો મારીને પાડવામાં આવી હતી. એ ધક્કો એટલો જોરદાર હતો કે on the spot એ મૃત્યુ પામી હતી. પતિની ધરપકડ કરવામાં આવી. પોલીસના હથકંડા અજમાવ્યા બાદ પતિએ કબૂલ કર્યું કે એણે પોતેજ પોતાની પત્નીને ધક્કો માર્યો હતો અને એના લીધે જ એનું મોત થયું.

એવું તે શું થયું હશે?

કહેવાય છે ને કે પ્રેમ આંધળો હોય છે. આજથી ૩૦ - ૩૫ વર્ષ પહેલાં પ્રેમાંધ થઈને, મા - બાપની ઈચ્છા વિરુદ્ધ જઈને, સામેવાળાની વાતોમાં ફસાઈને લગ્ન કરી લીધા. પ્રેમ કરતી વખતે ઘરથી બહાર મળીને વિતાવેલા થોડા કલાકોમાં, હોટેલોમાં જઈને સારું - સારું ખાવામાં, મોંઘી - મોંઘી ગિફ્ટની આપ - લે કરવાથી કોઈને ઓળખી શકાતું નથી. એ તો ઘર વસાવ્યા બાદ પોતાનું પોત પ્રકાશે. અને ત્યારે જ ખબર પડે કે મજનૂ બનીને જે લટ્ટુની જેમ આગળ - પાછળ ફરતો હતો એતો એના રૂપનો પૂજારી હતો. એતો પોતાની પત્ની બનેલી એ સ્ત્રીની કમાણીનો ચાહક હતો.

આપણી કદઓ દિકરી એટલી હોંશિયાર અને talented હતી કે એના આવડતથી એ ખૂબ કમાતી હતી અને ઘર ચલાવતી હતી. અને એ પરપ્રાંતીય પુરુષ પોતાની પત્નીની કમાણી પર એશ કરતો રહ્યો. ખોટા વ્યસનોથી લઈને extra marital affairs માં પણ પાવરધો હતો.

એક સ્ત્રી પોતાના પતિનો માર કદાચ સહન કરી લેશે, એનાં ખરાબ વ્યસનો જેમ કે દારૂ, જુગારને પણ સહી લેશે, પણ એના જીવનમાં આવેલી શોક્ય (sautan)ને ક્યારેય નહીં સાંખી લે. આ કેસમાં આવું જ થયું. આપણી દીકરી બધું સહન કરી રહી હતી. પણ પતિના બીજા અફેરની વાત સહન ન કરી શકી. આ વાત પર ઘરે રોજ ઝગડા થતા. પતિને ઘણું સમજાવ્યું. પણ એ નરાધમે તો પ્રેમલગ્નથી લાવેલી પત્નીને ધક્કો મારીને એના જીવનનો અંત આણ્યો.

આમાં દોષ કોનો???

જોકે આનો મતલબ એવો નથી કે પ્રેમલગ્ન સફળ નથી થતા. ઘણાં કિસ્સા એવા છે કે વહુ અથવા જમાઈ ભલે બીજી જ્ઞાતિના હોય પણ આપણી જ્ઞાતિમાં દૂધમાં સાકરની જેમ ભળી જતા હોય છે. આવા કિસ્સા અપવાદ હોય છે. પણ મારું માનવું છે કે સાસરિયામાં કોઈ દુઃખ હોય તો ખોટું સહન ન કરતા વહેલી તકે જુદા થઈ જવું જોઈએ. અને જિંદગી પોતાની રીતે જીવી લેવી.

**લવાજમ (સબસ્ક્રીપ્સન) ન મોકલવા વિનંતી**

સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે હાલમાં પ્રકાશ સમીક્ષાનું લવાજમ લેવામાં આવતું નથી તેથી લવાજમ ન મોકલવા વિનમ્ર વિનંતી. **- પ્ર.સ. સમિતી**

|| મિચ્છામી દુક્કડમ્ ||
જ્યોતિ
Sarees Since 1972
Matunga (E)
Gharchola-Bandhni-Patola
Sarees-Duppata-ChaniaCholi
Behind Arora Theatre, Ph.: 022-2404 3995 / 83692 52836
Follow us on instagram @jyotisaree (SUNDAY CLOSED)

# જીવન ચક્ર

## જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ

સંપાદક : **રમેશ પદમશી દંડ (શાહ) – ભરૂડિયા**
મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com



### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૮.૨૦૨૫ | ઘાટકોપર | વિયાન, વર્ષા-અંકુર મોતા | લાખણીયા | પુત્ર |
| ૨૩.૦૮.૨૦૨૫ | જલગામ | મંત્ર, રીદ્ધિ-હિરલ સોની | સાંયરા | પુત્ર |
| ૨૮.૦૮.૨૦૨૫ | સીરસી | રીયા, ડિમ્પલ-નિલેશ ડાઘા | દલતુંગી | પુત્રી |
| ૧૦.૦૯.૨૦૨૫ | માટુંગા | અગસ્ત્ય, ખુશ્બુ-વિશાલ લોડાયા | મોટી ખાવડી | પુત્ર |
| ૧૧.૦૯.૨૦૨૫ | નાશિક | અનિકા, નિયતી હર્ષવર્ધન લોડાયા | વારાપધર | પુત્રી |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨.૦૯.૨૦૨૫ | ભોપાલ-દુબઈ | નિરવ રાજેશ પદમશી મોમાયા (જૈન) | સાંયરા | ૩૧ |
| | દુબઈ | પ્રિયંકા પંકજકુમાર ભાટ | જોધપુર | – |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૦૯.૨૦૨૫ | કોપરખૈરણે | ઈન્દુકુમાર લધાભાઈ મણસી મોમાયા | વરાડીયા | ૮૩ |
| ૦૭.૦૯.૨૦૨૫ | મુલુંડ | જનકભાઈ હિરજી રાયસી ધરમશી | કોઠારા | ૬૫ |
| ૦૯.૦૯.૨૦૨૫ | ચેંબુર | નીનાબેન મહેન્દ્ર બંકીમચંદ્ર લોડાયા | રવા | ૭૫ |
| ૧૩.૦૯.૨૦૨૫ | હૈદ્રાબાદ | મણીબેન લક્ષ્મીચંદ મોતા | વારાપધર | ૮૪ |
| ૧૪.૦૯.૨૦૨૫ | ગાંધીધામ | ભદ્રીકભાઈ પુનશી મૈશેરી | માંડવી | ૭૫ |
| ૧૭.૦૯.૨૦૨૫ | ગોવા | જીગર પ્રતાપ દૌલત | સુથરી | ૪૬ |
| ૧૮.૦૯.૨૦૨૫ | ભાંડુપ | મંજુલાબેન રતિલાલ મોતા | કોઠારા | ૭૮ |

MANAV JYOT
માનવ જ્યોત
PUBLIC CHARITABLE TRUST

## માનવ સેવા હી પ્રભુ સેવા

## મૃત્યુને મહોત્સવમાં પરિવર્તિત કરવાનો અનેરો અવસર

જેનો જન્મ થાય છે તેનું મૃત્યુ નિશ્ચિત જ છે. સૌ કોઈ સ્વજનના દુઃખદ નિધનથી અને તેમની વસમી વિદાયથી ભારે ગ્લાનિ અનુભવે તે સ્વાભાવિક છે. એ અવસરને વેડફી ન નાંખતા મૃત્યુને મંગલમય બનાવી મહોત્સવમાં પરિવર્તિત કરવાનો અવસર બનાવી શકીએ.

**ચક્ષુદાન :** ચક્ષુદાન દ્વારા બે કોર્નિયલી બ્લાઈન્ડ વ્યક્તિને દ્રષ્ટિદાન આપી શકાય છે.

**સ્કીનદાન :** ચર્મદાન દ્વારા દાઝવાના કારણે ચામડીની પીડા ભોગવતી વ્યક્તિને ઘા રુઝવવામાં સ્કીન દાન દ્વારા સાંત્વનાનો સહારો બની શકાય છે.

**દેહદાન :** દેહદાન દ્વારા મેડીકલ ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીજગતને પ્રેક્ટિકલ જ્ઞાનદાનમાં મદદરૂપ બની શકાય છે.

**અવયવદાન :** અવયવ દાન દ્વારા આંખ, કીડની, લીવર, હાડકાં, પેન્ક્રીયાસ વિગેરેની ખામીના કારણે ઝુરતાને એ અવયવદાનથી નવજીવન બક્ષી શકાય છે.

**મેડીસીન દાન :** વણવપરાયેલી કે અડધી વપરાયેલી દવાઓ અન્ય જરૂરતમંદને ફાળવીને અન્ય માવજતમાં ઉપયોગી બની શકાય છે.

**માંદાની સીકબેડ સાધનોનું દાન :** વ્હીલચેર, ફાઉલર બેડ, વોકર, વોકિંગ સ્ટીક, નેબ્યુલાઈઝર, સકશન મશીન, ઑક્સિજન મશીન જેવા સાધનો સંસ્થાને પહોંચાડી જરૂરતમંદ દરદીને મદદરૂપ બની શકાય છે.

**વસ્ત્રદાન :** મૃત વ્યક્તિના સારા કપડાં કોઈ સંસ્થાને ફાળવીને ગરીબ પ્રજાને ઉપયોગી બની શકાય છે.

**આર્થિક અનુદાન :** આર્થિક અનુદાન દ્વારા મૃત સ્વજનની પુણ્ય સ્મૃતિમાં સત્કાર્ય માટે સહકાર ફાળવી શકાય છે.

ઉપરોક્ત દાન દ્વારા દુઃખીજનના સુખમય નવજીવનમાં મદદપ બની શકાય છે.

માનવ સેવાને મહેંકાવતા માનવ જ્યોત દ્વારા એ સત્કાર્યોને સાકાર કરી પુણ્યાઈનું ભાથું બાંધી શકાય છે.

માનવ જ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટવતી ટ્રસ્ટીના નમસ્કાર – **CA કુલીનકાંત ચાંપશી લુઠીયા (૯૮૨૦૦ ૩૯૪૬૯)**

માનવ જ્યોતઃ ૬૧, યુનિક ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ડો. આર. પી. રોડ, જવાહર ટોકિઝની સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૮૦.

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### કુમારી આર્યા ચિરાગ કાંતિલાલ વોરા–કોઈમ્બતુર



Completed BA Hons in fashion styling and creative direction from Institutio Marangoni-London.

### પાસ થયા અભિનંદન



**દિયા મીરા–મનોજ ખોના**

નલિયા (કોચી)

C.S. (કંપની સેક્રેટરી)

### જીત ચિરાગ મોમાયા



Certificate of Service received by **JEET CHIRAG MOMAYA** In Appreciation of his remarkable dedication and service during the Medical and Surgical Outreach in Poblacion Talisay City on March 10, 2024.

## KIDNEY AND BONE CAMP

KIDNEY and BONE camp organised by Shri Raichandbhai Dharamshi and Shri Kiritbhai Lapsia. Timings. 11.30 am to 5 pm. Dr. Rajesh Thakkar On SATURDAY, 27th SEPTEMBER 2025.

FOR REGISTRATION : call or whatsapp to Sweta Lalka on 9819985653.

**PLEASE NOTE Change in Address :** 23/A, Megh Mahal grd floor clinic , Sewree Wadala Road . Opp Sahakari Bhandar Near Don Bosco School, behind Aurora Theatre Matunga Mumbai - 400019.

### વૈભવ મોતા જીત્યો બેસ્ટ વેડિંગ એન્કર એવોર્ડ







વેડિંગસૂત્રા ઇન્ફલૂએન્સર એવોર્ડ્સ ૨૦૨૫ સમારોહમાં વૈભવ મોતાએ કચ્છી દશા ઓસવાલ (KDO)ના સભ્ય તરીકે, પ્રતિષ્ઠિત વેડિંગસૂત્રા ઇન્ફલૂએન્સર એવોર્ડ્સ ૨૦૨૫ માં બેસ્ટ વેડિંગ એન્કર એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. તા. ૨૦મી ઓગસ્ટે, મુંબઈના આઇકોનિક તાજ મહેલ પેલેસ ખાતે યોજાયેલ.

વૈભવ મોતાની આ સિદ્ધિ સુધીની સફર ખરેખર પ્રેરણાદાયી રહ્યો છે. મુંબઈમાં RJ તરીકે કારકિર્દીની શરૂઆત કર્યા પછી તેમણે વ્યાવસાયિક એન્કર તરીકે સ્ટેજ પર પોતાનું સ્થાન બનાવ્યું. વર્ષોથી તેઓ લક્ઝરી વેડિંગ્સ અને હાઇ-પ્રોફાઇલ ઇવેન્ટ્સ માટે ભારતના સૌથી વધુ માંગ ધરાવતા એન્કર્સમાંના એક બની ચૂક્યા છે.

### કુ. વિધિ દંડને બેસ્ટ ટીચર એવોર્ડ



સાંધવના મુલુંડ નિવાસી કુ. વિધિ દિલીપ કરમશી દંડને રાષ્ટ્રીય શિક્ષક દિવસ નિમીત્તે નવી મુંબઈમાં આયોજિત વિદ્યા સંવર્ધન ૨૦૨૫ ઉપક્રમે બેસ્ટ ટીચર એવોર્ડ પ્રાપ્ત થયો છે.

એવોર્ડ માટે યૂરો સ્કુલ ઐરોલી–નવી મુંબઈ દ્વારા નોમીનેટ કરાયા હતા. કુ. વિધી ન્યૂરો ડાયવર્સિટી બાળકોના સ્પેશિયલ એજ્યુકેટર છે.

## મૈશેરી પરિવાર પ્રવજ્યા પંથે



લાલાના ડોંબિવલી નિવાસી સુશ્રાવક રાજેશ મુલજી મૈશેરી, શ્રીમતી ખ્યાતીબેન રાજેશ મૈશેરી અને વીર રાજેશ મૈશેરી પ્રવજ્યા ગ્રહણ કરનાર છે. અગાઉ પરિવારના દિકરી મૌલીબેન રાજેશ મૈશેરી, પ.પૂ. સાધ્વી માંગલ્ય ગુણાશ્રીજી મ.સા. ડોંબિવલી ખાતે પ્રવજ્યા સ્વીકારી ચૂક્યા છે. તેમના પગલે રાજેશ મૈશેરી પરિવારની દીક્ષા મુહુર્ત તા. ૯.૧૧.૨૦૨૫ના નિર્ધારિત થયું છે.

## શ્રી અચલગચ્છ જૈન સંઘ-ગાંધીધામ



પર્યુષણ મહાપર્વના ૫ કર્તવ્યો પૈકી એક કર્તવ્ય એટલે ચૈત્ય પરિપાટીના ભાગરૂપે તા. ૭ મી સપ્ટેમ્બરે જિનાલયોને જુહારવા તથા પ. પૂ. અચલગચ્છાધિપતિ અને વિવિધ ગુરુ ભગવંતોના દર્શન વંદન કરવા માટે એક દિવસીય યાત્રાનું આયોજન સંઘ દ્વારા કરવામાં આવેલ, જે વર્ધમાનનગર, ભુજ, દેવપુર, મોથારા, ડુમરા, ઉંડોઠ થી રાતે ગાંધીધામ પરત આવેલ. જેમાં ૭૫ લોકો જોડાઈ સંઘ સાથે યાત્રા કરી હતી.

## દુઃખદ નિધન



શ્રી મણીલાલ ડુંગરશી દંડ તા. ૩.૯.૨૫ના અરિહંતશરણ થયા છે. 'ટોય મેન' તરીકે જાણીતા તેઓ સારા કવિ અને ઓરીગામી કલાકાર હતા. મુંબઈમાં અનેક વર્ષોથી ટોય લાઈબ્રેરીનું સંચાલન કરી રહ્યા હતા. પ્રકાશ સમીક્ષા તરફથી શ્રદ્ધાંજલિ.

## શ્રી કે.ડી.ઓ. વિદ્યાર્થી સંઘ



પ.પૂ.મુનીશ્રી ગુણવલ્લભસાગરશ્રીજી મ.સા.ના માર્ગદર્શનથી તા. ૭.૯.૨૫ના શ્રી કે.ડી.ઓ. વિદ્યાર્થી સંઘ દ્વારા મુલુંડ ખાતે શ્રી રિશી મંડળ મહાઅભિષેક મહાપૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં યુવાનો તથા વડીલો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## કચ્છી દશા ઓશવાલ સમાજ-નાગપુર

તા. ૩૧.૮.૨૫ના સામુહિક ક્ષમાપના કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નાના-મોટા સહુ મળી લગભગ ૬૫ જણા હાજર રહ્યા હતા. સિધ્ધિ તપના તપસ્વી સૌ. તૃપ્તિ નિખિલ ખોનાનું સંઘ તથા મહિલા મંડળ દ્વારા બહુમાન કરવામાં આવ્યું. નવી સમિતીની ઘોષણા કરવામાં આવી જેના માટે ચિઠ્ઠી નાખી મતદાન કરવામાં આવ્યું.

## શ્રી કે.ડી.ઓ. જૈન સમાજ વડોદરા

પર્યુષણ પર્વની આરાધના ખૂબ જ સારી રીતે થઈ આરાધના કરાવવા માટે શ્રી આર્યરક્ષિત વિદ્યાપીઠની બે બહેનો પધારેલ. કે.ડી.ઓ. જૈન વિમલ મહિલા મંડળની બહેનોએ પૂજા તથા વિવિધ ધાર્મિક હરીફાઈ તથા પાઠશાળાના નાના ૩૪ બાળકોએ શ્રી શંખેશ્વરના નાથ નાટક ખૂબ સુંદર રીતે રજૂ કર્યું. સ્વપ્નનું ઘૃત ૧૯૮૧૬૫ મણ, પારણું ૨૫૦૦૧ મણ, કલ્પસૂત્ર ૫૦૦૧ મણ, શાલીભદ્ર ભંડાર રૂા.૩૦૦૦૦, શેઠ શ્રી નરશીનાથાની છબીને હાર પહેરાવવાના રૂા.૩૧૦૦૦, ભાદરવા સુદ ત્રીજના શ્રી મહાકાળી માતાજીની ભાવના તથા ચોથના વિવિધ તપના તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું.

અઠ્ઠાઇના તપસ્વીઓ કમલેશ હીરજી નાગડા, ધૈર્ય વર્ધમાન નાગડા, રાહુલ હિરાચંદ લોડાયા, નયન મુલચંદ

લોડાયા, ઋષભ રતિલાલ પનપારીયા, તરલ શરદચંદ્ર મહેશ્વરી, મોલેક્ષી ફોરમ લોડાયા, ધારા ભાવિન નાગડા, કોમલ જય નાગડા, શ્રેયા જયેશ દંડ.

**શ્રી છત્તીસગઢ કદઓ જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર પર્યુષણ પર્વ**





મહાજન દ્વારા તા. ૨૦.૮.૨૫થી તા. ૨૮.૮.૨૫ સુધી ૯ દિવસીય કાર્યક્રમની આરાધના કરાવા માટે શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-મુંબઈથી શ્રી નેવીલ (મુલચંદ દેઢિયા (મેરાઉ-બોરીવલી) ચિ. યશ ચેતન દેઢિયા (મેરાઉ-થાણા), ચિ. શંખિલ રાજેશ ગોગરી (મોટા આસંબીયા-થાણા) સાથે આપણી જ્ઞાતિના ૧ ઢોલી ચિ. દીપ નિમેશના મોતા (રાપરગઢવારી)ની ટીમ સાથે શહનાઈ-ઢોલી પણ પધારેલ. પર્વના પ્રથમ દિવસે વ્યાખ્યાન બાદ શ્રી જૈન ધ્વજારોહણ કરવામાં આવેલ.

ચિ. શૌર્યા ધવલ લોડાયા દ્વારા કત્થક નૃત્ય અને ચિ. ધાન્યા સંજય જીવાણી દ્વારા ભરતનાટ્યમ દ્વારા સરસ્વતી વંદનાનું ખૂબજ સુંદર નૃત્ય પ્રસ્તુત કરેલ. કાર્યક્રમના મુખ્ય અતિથીરૂપે રાયપુર દક્ષિણના વિધાયક શ્રી સુનીલ સોનીજીએ હાજરી આપેલ. સામુહિક ક્ષમાપના તપસ્વીઓ અને દાતા પરિવારોનું બહુમાન, આરાધક ભાઈઓનું બહુમાન કરવામાં આવેલ. મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ ક્ષમાપના ઉદ્‌બોધન કર્યું. શ્રી પાલનાજી સાથે ૧૪ સ્વપ્નોની ઢોલ-શરણાઈ સાથે શોભાયાત્રા યોજાયેલ. રાત્રે શ્રી પાલનાજીનું જાગરણ રાખવામાં આવેલ.

અઠ્ઠાઈ તપના તપસ્વીઓ : સૌ. ડિમ્પલ રાહુલભાઈ નાગડા, શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી, ચિ. ગૌતમ ડાકેશભાઈ ધરમશી(ભાટાપારા), ચિ. લક્ષ્ય જિતેન્દ્ર દંડ (ભાટાપારા).

**ચૈત્ય પરિપાટી**



શ્રી પર્વાધિરાજ પર્યુષણપર્વ-૨૫ બાદ શ્રી ચૈત્યપરિપાટી આયોજન કરાયું. તા. ૩૦.૮.૨૫ના શ્રી કુંથુનાથ જિનાલયમાં દર્શન, વંદન, શ્રી કૈવલ્યધામ તીર્થમાં નવકારશી, ૨૪ તીર્થંકરોના દર્શન વંદન ચૈત્યવંદન, પ.પૂ. સાધ્વી રાજેશશ્રીજી મ.સા.ને સંવત ખમાવ્યા. શ્રી ઉવ્વસગ્ગરપાર્શ્વતીર્થ નગપુરામાં સ્વામીવાત્સલ્ય બાદ પ્રસિદ્ધ વિધિકાર રાજાભાઈ નંદુ, શ્રી ભાવિનભાઈ અને કચ્છના મુંબઈથી ઢોલી અને શહનાઈ સાથે શ્રી પંચકલ્યાણક પૂજન ભણાવેલ. ચરોદામાં શ્રી મહાવીર સ્વામી જિનાલયમાં દર્શન વંદન બાદ રાયપુર માટે પ્રયાણ કરેલ.

**મોબાઈલ ઔર બચ્ચે - પરિસંવાદ**



મોબાઈલ ઔર બચ્ચે વિષય પર વિસ્તૃત પરિસંવાદ માટે વિખ્યાત શિક્ષક પ્રેરક વક્તા ડૉ. મુકેશ શાહ પધારેલ. સર્વે બાળકો અને તેમના પાલકોને મોબાઈલનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું પ્રેરણાદાયક ઉદ્‌બોધન કર્યું. મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા દ્વારા ડૉ. મુકેશ શાહનું મોમેન્ટો, શાલ, શ્રીફળથી બહુમાન કરવામાં આવેલ.

## શ્રી છત્તીસગઢ કદઓ જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર

### નાત જમણ



શ્રી કુંથુનાથ જિનાલય પરિસરમાં તા. ૩૧.૮.૨૫ સવારે ૧૧.૩૦ વાગેથી સર્વપ્રથમ દીપ પ્રગટાવી નાત જમણ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, શ્રી ભૂપેન્દ્ર ગોવિંદજી મોમાયા, શ્રી કિશોર મોતા, શ્રી હરીશ શીવજી લોડાયા, શ્રી હિતેશ શરદભાઈ મોમાયાએ લાભાર્થી પરિવારનો ખૂબ ખૂબ આભાર માનેલ.

## શ્રી છત્તીસગઢ કદઓ જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર

### બહુમાન

તા. ૨૮.૮.૨૫ના સર્વે લાભાર્થી પરિવારો, જિનાલયના સ્ટાફ, કેટરર્સ, રસોઈયાના મહારાજ, રેજા, સાફસફાઈ કર્મચારી, ટેન્ટવાલા, સાઉન્ડવાલા, ફોટોગ્રાફર, ઓટોવાલા તથા પ્રતિદિન રાત્રીકાલીન ભક્તિભાવનામા પ્યાનોની સરવાણી બદલ ચિ. જૈનમ સંજય જીવાણીનું પણ બહુમાન કરવામાં આવેલ.

શ્રી નિતેશ ઉમરશીભાઈ મૈશેરી અને કપિલ નારાયણજીભાઈ મૈશેરીએ પ્રતિદિન રોટલી, ગોળ અને લીલા ઘાસચારાની વ્યવસ્થા ગૌશાળા કરતા જાનવરો માટે કરેલ. પ્રતિદિન રસોડામાં શ્રી હિતેશ સુર્યકાંત મૈશેરી, શ્રી સચિન શરદભાઈ મોમાયાનો તથા પ્રતિદિન શ્રી કુંથુનાથ જિનાલયમાં સજાવટ પ્રભુજીની આંગી રચના કરવા માટે સૌ. સુનયના અમિત મૈશેરી, સૌ. પૂજા હિતેશ મોમાયા, સૌ. દીપા નયન છેડા, સૌ. તૃપ્તિ ચંદ્રેશભાઈ છેડા, સૌ. નિધિ જિનેશ ખોના, સૌ. નિશા ચેતન, સૌ સીમા રિતેશ મૈશેરી, ચિ. હર્ષિતા ચંદ્રેશભાઈ છેડા, ચિ. તાશી અમિત મૈશેરી, ચિ. હિયા નયન છેડા, ચિ. કાવ્ય ચેતન છેડાનો પણ આભાર માનવામાં આવેલ.

## શ્રી છત્તીસગઢ કદઓ જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર

### જબલપુર મુલાકાત

તા. ૭.૯.૨૫ જબલપુર (મધ્યપ્રદેશ)મા ચાતુર્માસ કરતા અચલગચ્છ ગુરુવર્યા પ.પૂ.સાધ્વી શ્રી નંદીશ્રેણાશ્રીજી મ.સા. આદિ થાણા-૩ને વંદન તથા શ્રી કુંથુનાથ જિનાલયની રજતધ્વજા મહોત્સવમાં નિશ્રા આપવા વિનંતી કરવા પ્રતિનિધિ મંડળ ગયેલ. જબલપુરના જૈન શ્રી સંઘે રાયપુર સંઘનો ખૂબ-ખૂબ આભાર માનેલ. અને પ.પૂ. સાધ્વી શ્રી નંદીશ્રેણાશ્રીજી મ.સા.એ રાયપુરના શ્રી કુંથુનાથ જિનાલયની રજત ધ્વજા મહોત્સવનું આયોજન કરવા શુભેચ્છા પાઠવેલ અને નિશ્રામાં આવવા સહમતિ આપેલ. મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ જબલપુર સંઘનો સરસ વ્યવસ્થા બદલ આભાર સહ અનુમોદના કરેલ.

### દિવ્યાંગોના માતાપિતાની શોધ

ભુજની વિખ્યાત સમાજ સેવા સંસ્થા માનવજ્યોત અત્યારસુધી રસ્તે ભૂલા પડેલા રઝડતા માનસિક દિવ્યાંગ ૨૦૫૦ મળીને કુલ ૨૫૦૦ દિવ્યાંગોના ઘર સરનામા શોધી ઘર પહોંચતા કરવાયા છે.

ગુજરાતની ૧૧ જેટલી આ પ્રકાની સેવા આપતી સંસ્થાઓના સંપર્કમાં રહી, માનવજ્યોતના પાલારા ખાતેના રામદેવ સેવાશ્રમમાં દિવ્યાંગોને લાવી તેમનું કાઉંસીલીંગ કરી માહિતી મેળવી તેમના માતા-પિતા અથવા કુટુંબીજો સાથે મેળાપ કરાવી આપવામાં આવે છે. એમ સંસ્થાના પ્રબોધભાઈ મુનવરની યાદીમાંથી જાણવા મળે છે.

### મોટી સિંધોડી તાલુકા વન મહોત્સવ

અબડાસાના મોટી સિંધોડીના આવડ મા અને સોનલ મા ધામ ખાતે વૃક્ષારોપણ વિશે માહિતી આપતા વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. નાયબ વન સંરક્ષક જે.એન. પટેલા માર્ગદર્શન હેઠળ તાલુકા કક્ષાના વન મહોત્સવમાં મામલતદાર સી.જી. પારખીયા અને અબડાસા તાલુકા પ્રમુખ મહાવીરસિંહજી જાડેજાએ વૃક્ષરથને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.



# વતનના વર્તમાન

સંકલન : કેસરસિંહ ખોના

### પ્રાકૃતિક ચિકિત્સા થેરાપિસ્ટ ડિપ્લોમા

બિદડાના કે.એમ. પટેલ આરોગ્યધામમાં કચ્છ યુનિ. સાથે મળીને પ્રાકૃતિક અને પ્રાચીન ભારતીય ચિકિત્સા પ્રણાલી હેઠળ થેરાપીસ્ટ ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવશે. આ કોર્સ ઓકટોબરની પહેલી તારીખથી શરૂ કરાશે. ફેકલ્ટીમાં કેમ્પસમાં જ યોગ્યતા ધરાવતા ચિકિત્સક, બે યોગાચાર્ય અને સંખ્યાબંધ થેરાપિસ્ટ છે. આ નેચરક્યોર કોમ્પલેક્સના ટ્રસ્ટી અને મેનેજીંગ ડાયરેક્ટર હેમંતભાઈ બચુભાઈ રાંભિયાએ જણાવ્યું હતું કે જુદા કોમ્પલેક્સમાં ડિપ્લોમા કોર્સ શરૂ કરાશે જે ગુજરાતમાં સર્વપ્રથમ છે.

વિશ્વભરમાં યોગ, આયુર્વેદ થેરેપી વગેરેના હોલીસ્ટીક હેલ્થ ઈન્સ્ટીટ્યુટમાં ટ્રીટમેન્ટની માગ વધી રહી છે ત્યારે અહીંથી તાલિમ પામેલા ડિપ્લોમાધારીઓને વ્યવસાય રોજગારીની નવી તકો ખુલશે. પ્રારંભમાં ૯૦ વિદ્યાર્થીઓને ડિપ્લોમા કોર્સમાં એડમિશન આપવામાં આવશે.

### આડેસરનું એરંડિયું અમેરિકામાં

બહુ ઓછા લોકો જાણતા હસે કે આડેસરમાં ઉત્પન્ન એરંડિયું અમેરિકામાં વેચાય છે. લગભગ દાયકા પૂર્વે આડેસરના ૨૦૦ જેટલા પ્રગતિશીલ ખેડૂતોએ એક સહકારી ખેતી મંડળી નામે આડેસર વિસ્તાર ખેત ઉત્પાદ પ્રોડ્યુસર કંપની સ્થાપી હતી. જેમાં હાલ ૨૭૬ ખેડૂતો સભ્ય છે. આ કંપનીની પેદાશો યુરોપ અને અમેરિકામાં વેંચાય છે.

નંદગામ-ગાંધીધામની કેસ્ટર પ્રોડક્ટસ સાથે એમઓયુ કરી આડેસરના ખેડૂતો એરંડિયા આપે છે જે અંદાજે વરસે ૭૦૦ મેટ્રીક ટન ગણાય. કંપની આ એરંડિયાનું પીલાણ કરી મેળવેલું તેલ યુરોપ જાય છે. આ ઉપરાંત અમેરિકામાં પણ નિકાસ કરાય છે. ઓર્ગેનિક કપાસ ઉત્પન્ન કરતા ખેડૂતોએ વણકરોનો સાથ મેળવ્યો છે. આડેસર સહકારી કંપની ઓર્ગેનિક કપાસનું મિલ પાસેથી સૂતર નિર્મિત કરી વણકરોને આપે છે જેનું કાપડ બનાવી બ્લોક પ્રીંટીંગ કરવામાં આવે છે.

### વીર ભુવડ ચાવડાનું શિવાલય

કચ્છની રાજાશાહીના સાક્ષી એવા અંજાર તાલુકાના ભુવડ ગામના ૧૪મી સદીમાં નિર્મિત ભુવડ ભુવનેશ્વર શિવાલય વિશિષ્ટ શૈલીનું બાંધકામ છે. મંદિર લગભગ ૬૦૦ વરસ જૂનું છે. ૨૦૦૧ના ધરતીકંપમાં થોડું નુકશાન થયું છે પણ મંડપ જર્જરિત થયેલું હોઈ જોખમી બન્યું છે. અંજાર મુંદ્રા રોડથી ૧૫ કિ.મી. અંદર આવેલા આ મંદિરને હવે તાત્કાલિક સમારકામ-જાળવણીની જરૂર છે.

અહીં સમગ્ર કચ્છમાંથી તેમજ દેશ વિદેશમાં વસતા કચ્છીઓ ઉપરાંત તેમના સંબંધીઓ પણ આ મંદિરની યાત્રાએ પધારે છે.

### ગજોડના જયેન્દ્રસિંહ જાડેજા પેરા કમાંડો નિયુક્ત

૨૦૨૦થી સૈન્યમાં જોડાયેલા ગજોડના જયેન્દ્રસિંહજી રાણુભા જાડેજા પેરાશૂટ કમાંડો દળમાં નિમણુંક પામ્યા બાદ વતન પરત આવતા લખિયારજી દાદા સ્થાનકે માતાજી ઈન્દ્રાબા, પત્ની શ્રીમતી કિરણબા અને પિતાશ્રી રાણુભાએ રાજપૂતિ પરંપરા મુજબ તલવાર ભેટ આપી હતી. ગામ લોકોએ શાનદાર સ્વાગત કર્યું હતું. રાણુભા બાપુએ આશા વ્યક્ત કરી હતી કે વધુને વધુ લોકો લશ્કરમાં જોડાવા આગળ આવશે.

### પૂ. નારાયણ બાપુની સ્મૃતિમાં ભાગવત

પૂ. નારાયણ બાપુની સ્મૃતિમાં માંડવી ખાતે ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### શોર્ટ ફિલ્મ'અર્થકવેક-૨૦૦૧'ને એવોર્ડ

એફ એમ આયોજિત મોબાઈલ ફિલ્મ પ્રોજેક્ટ સીઝન-૪ સ્પર્ધામાં કચ્છના યુવા કલાકારોએ વર્ષ ૨૦૦૧ના ગોઝારા ધરતીકંપની પીડા અને તકલીફો રજુ કરતી શોર્ટ ફિલ્મ 'અર્થકવેક-૨૦૦૧'ને પીપલ્સ ચોઈસનો પ્રથમ એવોર્ડ પ્રાપ્ત થયો છે. ૧૨૫ એન્ટ્રીઓ પૈકી કચ્છના યુવા કલાકાર આનંદ મહેતા, ટીશા ભાનુશાલી અને ચિંતન મહેતા અભિનીત ફિલ્મ પ્રથમ સ્થાને રહી હતી. ખુશાલી મહેતા-પટેલનો અવાજ લેવાયો હતો.

### હવે કચ્છી બાસમતી

ચોખાની ઊંચી જાત 'બાસમતી'ની ખેતી શરૂ થઈ છે. હાલ મુંદ્રાના ગેલડા ગામે ભારૂભાઈ ગઢવીએ એક એકરમાં બાસમતી ચોખાની પ્રયોગાત્મક ખેતી કરી છે. પંજાબના ખેડુત મિત્રોના માર્ગદર્શનમાં ભારૂભાઈએ ધાર્યા મુજબની સફળતા મળી છે. ભારૂભાઈએ પોતાના ખેતરમાં સફરજનના ઝાડ પણ ઉગાડ્યા છે. સારી સફળતાની આશા છે.

### લેવા પટેલ વાત્સલ્ય પ્રોજેક્ટ

કચ્છી લેવા પટેલ એજ્યુકેશ એન્ડ મેડીકલ ટ્રસ્ટની માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા વાત્સલ્ય પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. વાત્સલ્ય પ્રોજેક્ટ હેઠળ બાળમંદિરોમાં દાખલો લેતા બાળકોની આરોગ્ય તપાસ કરાશે. પટેલોના ગામ મનાતા સામત્રા, માનકુવા, ભારાસર અને સુરજપરના કુલ ૨૪૦ બાળકોની તપાસ અને સારવાર કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ હેઠળ દર શુક્રવારે એક ગામનું કામ પુરું કરવાનો નિર્ણય લેવાયો છે. હોસ્પિટલમાં નિયોનેટલ (નવજાત શિશુ) આઈસીયુ, અને પીડીયાટ્રીક આઈસી શરૂ કરાયા છે.

### વિજય સાગર ડેમમાં મગર

માંડવી તાલુકાના કોડાય નજીકના વિજયસાગર ડેમમાં મગર હોવાની આશંકા વ્યક્ત કરાઈ છે. રાજાશાહીના મોટા ડેમમાં મગર હોવાની શક્યતાને પગલે સાવધ રહેવાની કોડાય પોલીસ દ્વારા સૂચના આપવામાં આવી છે.

### કચ્છમાંથી નૈઋત્ય ચોમાસાની વિદાય

૯૧ દિવસ ચાલેલા વર્ષા સત્રમાં એકંદરે ૧૩૫ ટકા વરસાદ થયો હોવાની નોંધ છે. ખરેખર તો કચ્છના અમુક વિસ્તારોને બાદ કરતા મોટાભાગના કચ્છમાંથી ચોમાસાની વિદાય થઈ ગઈ હોવાની જાહેરાત થઈ છે.

### તળાવોના વધામણા

કચ્છની આગવી પરંપરા મુજબ તળાવ ઓગને એટલે એની ધામધૂમથી વધામણી થાય. ગોળધાણા, મિઠાઈ વહેંચાય. વર્તમાન સમાચાર મુજબ ભુજ તાલુકાના નારાણપરના ખત્રી અને હિંગલાજ ધામના માવજી તળાવ, નખત્રાણા તાલુકાના રામપર, સરવાનું રામેશ્વર તળાવ, લખપત તાલુકાનો ગોંધાતડ ડેમ, મુરૂ ગામનું હેમાસર તળાવ, નખત્રાણા-નેત્રાનું શીતલા તળાવ અને ભદ્રેશ્વર તીર્થનો ભરૂડિયા ડેમ ઓગની ગયા છે.

### અંજાર મહેશ-મહેશ્વરી સમાજ

અંજારના મહેશપંથી મહેશ્વરી સમાજના ઈષ્ટદેવ લુણંગદેવના અઢી દિવસના અઢાઈડા વ્રતની ઉજવણી કરવામાં આવી હતી. ૬૪ વ્રતધારીઓએ અન્નજળ ત્યાગ કરી બ્રહ્મચરમિય વ્રત કર્યું હતું.

### હિંદી સુલેખન સ્પર્ધા

હિંદી દિવસ નિમીત્તે ભુજમાં સત્યમ મંડળ અને તાના-રીરી મહિલા મંડળ દ્વારા હિંદી સુલેખન સ્પર્ધા યોજાઈ હતી જેમાં ૩૦ બાળકોએ ભાગ લીધો હતો.

### પ્રાચીન જૈન તીર્થ ભુઅડ

રૂપારેલ નદીને કાંઠે વસેલું ભુઅડ ચોવીસીનું મુખ્ય ગામ ભુઅડ ઈતિહાસની થપાટોથી ભાંગેલું જૈન તીર્થ મહારાજ ભુઅડની પરાક્રમ ગાથાનું સ્મરણ કરાવતું ટૂંટીયું વાળીને ભૂતકાળ વાગોળે છે. સામાન્યપણે નિર્જલા રૂપારેલ ચોમાસે ભીની થાય છે. નદીના ચોમાસે બે કાંઠે વહેતા નીર સૂચવે છે એ અતિતની સમૃદ્ધિ.

ભૂઅડ ગામ સમૃદ્ધ હતું, મહારાજ ભુઅડની છત્રછાયા હેઠળ અહીં જૈનોની સારી એવી વસતી હતી. એમની સમૃદ્ધિની સાખ અહીંનું પ્રાચીન તીથી દેરાસર પુરાવે છે. ભુઅડ રાજવી ઈતિહાસ મુજબૂ ભદ્રેશ્વરના રાજા કનકસેનના કુંવર અક્કડ સેનના પુત્ર ભુઅડ ચાવડા. એમણે ભુઅડ ગામ વસાવેલું અને આ જૈન દેરાસર પણ બંધાવેલું. પ્રબંધ ચિંતામણીમાં ભુઅડ ચાવડાની કથા છે. હાલ આ ગામમાં જૈનોની વસ્તી જણાતી નથી. અલબત્ત અહીં મુખ્યત્વે અગરિયા અને આહીરોની વસતી છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

# Who is a Shravak ?



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

A Jain shravak is a devout householder who, while living a normal life with family and a livelihood, practices Jain principles, showing deep faith, performing daily duties, engaging in charity, and sincerely following the path of liberation shown by the Tirthankars. Unlike a monk/ nun who renounces all material possessions, a true *shravak* observes self-restraint and strives to minimize the accumulation of *karm.* The essential qualities of a true shravak have been very beautifully summed up here:

* **Shraddhalu** (one who has true faith), **Viveki**(discerning/wise), and **Kriyavan** (one who acts/practicing). A Shravak, is also referred to as Upaasak or Saagaar. "Shravaks" are so called because they faithfully listen to the teachings of their spiritual guides.

**Categories of Shravak:**

* Naam – Shravak: One who is a Jain only in name (born in a Jain family);

* Sthapna – Shravak: The statue or photograph of a past shravak.

* Dravya – Shravak: One who carries out the rituals mandated for a Jain but without spiritualistic sense.

* Bhaav Shravak - One who believes in Jainism and practices accordingly.

**Here's a story of a true Bhaav Sravak:**

Arnak was a wealthy merchant from Champanagari, who lived in the times of Bhagwan Mallinath. He was renowned for his strong adherence to Jainism.

Once, Arnak set sail for a major trade deal. During the voyage, a storm gathered and a terrifying demon suddenly appeared, scaring the other merchants on the ship. While everyone feared a certain death, Arnak, was calmly engrossed in *kaayotsarg* (a form of meditation). His companions begged him to renounce his religion, believing his Jain practices had angered the demon. The demon, enraged by Arnak's silence, lifted the ship high into the air and threatened to smash it down. Arnak's companions accused him of being heartless for not giving up his religion to save their lives. Despite everything, Arnak remained steadfast in his meditation and faith.

Impressed by Arnak's unshakable conviction, the demon finally confessed that he was a demigod who had come to test Arnak's faith. He bowed to Arnak, gifted him a pair of divine earrings, and commended his firm devotion to his religion.

This story holds many inspiring teachings for us, if we look at it a little closely in the context of our times. Arnak being a merchant symbolises every person navigating life's marketplace—where desires, duties, and material temptations are constantly traded. The storms Arnak faces represent hardships and temptations or tests on the path to self-realisation. The big trade deal that Arnak sets out to make symbolises moksh - life's ultimate goal. His ship is a metaphor for the religion by

the means of which a shravak navigates the world. It carries him across the ocean of worldly existence (Samsara), facing storms of temptation and suffering. His co-travellers represent companions in life—family, friends, fellow shravaks, or associates who share similar values or responsibilities. The demon symbolises inner passions and vices such as greed, anger, pride, and attachment. The divine earrings gifted by the demigod (disguised as demon) symbolise unexpected spiritual blessings that can come disguised as trials. The fact that the demigod is disguised as a demon suggests that suffering or challenges may carry hidden gifts—insights or resilience—that strengthen a shravak's spiritual journey. The divine earrings serve as a reminder that true fortune lies not in material wealth but in the grace of spiritual awakening. Thus, this story inspires us to develop the unwavering faith, patience and calm of the great shravak Arnak.

Shravak Dharm provides a detailed roadmap for Jain lay followers to lead a righteous, disciplined, and spiritually oriented life. We will discuss the various aspects of Shravak dharm in detail from the next article onwards.

***


## Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.


## નવા/બદલાયેલા સરનામા/ફોન

**(પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

**Shri Vijay Valji Dhrol (PS-4931)**
9, 1st Floor, Ratan Smruti Building,
Near Jyoti Medico, Tukaram Nagar,
Dombivali (East), MH - 421 201.
M.: 99042 34359.

**Shri Hirachand Visanji Dharamshi (PS-7094)**
Chintamani, Telangi Pura,
Behind Old Bus Stand,
Digras, MH - 445 203.
M.: 93595 79720.

**Shri Danny Chimanlal Lalka (PS-7115)**
Sukra's Majesticka Grande Apartments,
3A2- 3rd Floor, Amman Kovil St.,
VasanthamNagar,Venkitapuram,Coimbatore,
TN-641025.
M.:9443151613-Danny,9443151613-Mannan

**Shri Ajay Padamshi Momaya(PS-7473)**
4205, Ravin, Piramal Revanta,Tower 3,
Moti Nagar, Behind Nirmal Lifestyle,
LBSMarg, Mulund (West),MH- 400 080.
M.: 94483 87648.

**Shri Mahesh Govindji Khona(PS-3628)**
C-8, Shree Riddhi Siddhi CHS, Anand Nagar,
Dindayal Road,NearManpasandSweet,
Dombivli (West), MH-421202
M.: 98335 67166.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

# The Sanctity of Marriage: A Timeless Bond

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



"Marriage is not a noun; it's a verb. It isn't something you get. It's something you do. It's the way you love your partner every day."

- Unknown

Marriage, a sacred institution that has been a cornerstone of human society for centuries. It's a union between two individuals, a bond that transcends time, space, and circumstance. But is marriage necessary? Does it still hold relevance in today's fast-paced, ever-changing world?

**The Significance of Marriage**

Marriage is more than just a legal contract or a social norm. It's a commitment, a promise to love, support, and cherish one another through life's joys and challenges. As Mahatma Gandhi once said, "The strength of a family, like the strength of an army, is in its ability to stand together." Marriage provides a foundation for building a strong family unit, where love, trust, and mutual respect thrive.

**The Benefits of Marriage**

Research has shown that married couples tend to have better physical and mental health, financial stability, and social connections. Marriage provides a sense of security, stability, and belonging, which can lead to a happier, healthier life. As the saying goes, "A happy marriage is a long conversation that always seems like a new beginning."

**The Changing Times**

In today's society, the concept of marriage is evolving. Many people are choosing alternative forms of partnership, such as cohabitation or civil unions. While these arrangements may offer flexibility and freedom, they often lack the commitment and stability that marriage provides.

**The Essence of Marriage**

Ultimately, whether marriage is necessary or not depends on individual perspectives and values. For some, marriage is a vital institution that provides a sense of purpose and belonging. For others, it may not be a priority or a necessity. As the ancient Greek philosopher, Aristotle, said, "Love is composed of a single soul inhabiting two bodies." Marriage, at its core, is about love, commitment, and partnership.

**Conclusion**

Marriage is a complex and multifaceted institution that has been a cornerstone of human society for centuries. While its significance and relevance may evolve over time, its essence remains the same – a bond between two individuals built on love, trust, and mutual respect. Whether marriage is necessary or not, one thing is certain – a strong, loving relationship requires commitment, effort, and dedication.

As the renowned author, Maya Angelou, once said, "Love recognizes no barriers. It jumps hurdles, leaps fences, penetrates walls to arrive at its destination full of hope." Marriage, in its purest form, is a beautiful expression of love, hope, and commitment.

Kuber Bhandar

# Money matters and financial discipline



**CA Jatin Jechand Lodaya, Naliya (Chembur)**
Cofounding Partner of FinaLiteY LLP - Mumbai
jatinlodaya@gmail.com | 9820791226

By the time you read this article, 15.09.2025 the regulatory deadline to submit income-tax returns would have definitely passed by. Numerous challenges, primarily system related, were faced by multiple individuals heightening anxiety & stress. This article is not about that, but about our non-discipline towards personal finance matters. Submissions can be made before the deadline too! When the deadline is known why do we start our work late. Planning is a must as there is a cost for procrastination. Exceptional situations excluded.

I highlight certain elements that can nudge you towards better discipline in your own financial matters. Many of you may say that you are already disciplined, in which case you can make the choice to read. This article is for the aam-janta.

Return filing is not a year-end activity. You need to start early and eventually culminate into the tax return – review of bank statements (download MS-EXCEL format via online banking), adding appropriate narratives for every credit entry (focus specifically on 'income'), and reconcile with AIS, TIS, 26AS.

Review bank statements and credit card (CC) statements every month and add appropriate narratives for every debit ('withdrawals'). Budget and track your expenses. With UPI payments rising, this is an important step to identify where your money is getting spent. If you have subscribed to direct debit standing instructions (e.g., utility bills, CC dues) through bank account ensure these debits indeed happen each time. If you do not prefer direct debit, ensure you diarise the due dates and settle the same well on time, else there will be financial penalties.

When you subscribe for any insurance plan (especially health, vehicle, travel) please read the policy T&C each year, especially for any revisions. While investing, understand the product and clarify when not clear. Do not make hasty decisions. Be reasonable in your expectations, especially on returns. Invest wisely!

Irrespective of your academic qualification or vocation, educate yourself / seek professional advice to ensure you have reasonable awareness about: basic accounting principles, do's/ don'ts of mobile banking, interpreting bank/CC statements, CAS - Consolidated Account Statements (investments related listing), AIS/TIS/26AS, various forms of taxes (TDS, TCS, advance tax), tax return templates, interest/dividend, capital gains, regulatory requirements & timelines.

Start preparatory work anticipating known challenges / surprises. Do not wait till the last! If you have opted to invest through a service provider, ensure you receive, appropriate information about holdings, transactions and earnings – be it interest, dividend or capital gains.

Get into habit of reading your emails daily, especially not to miss out emails pertaining to personal financial matters. Ideally take prints and file them in a logical manner. Having data backup helps. Record keeping plays an important role irrespective whether availing deductions, exemptions, rebates.

Remember, it is your money, your bank / CC statement, your income, your tax return etc. You need to take primary interest in knowing all essentials about it, even if you outsource. Responsibility and accountability lie with you. Stay disciplined!

Money Matter

# Plan for Children's Education Without Sacrificing Your Retirement

**Diipesh Daghha – Varadia (Bhandup),** Mob.: 99 1562 1562
MBA (Fin), QPFP, Founder – GrowthQuest
www.growthquest.in, diipeshdaghha@gmail.com



Every parent dreams of giving their child the best education possible. Whether it's sending them to a top institute in India or supporting a dream of studying abroad, we want our children to have opportunities that we perhaps didn't.

But in the pursuit of this dream, many parents make a costly mistake: they pour everything into their child's education while neglecting their own retirement. Years later, when the children are grown and independent, parents often find themselves financially insecure, forced to rely on others.

It's natural to think, "I will do whatever it takes for my child. Retirement can wait."

But retirement doesn't wait. It arrives whether you're ready or not.

Remember this simple truth: ***Your child can get an education loan, but no bank will give you a retirement loan.***

By overcommitting to children's education costs without enough savings for your own retirement, you risk creating dependency in your old age — something no parent truly wants.

**Let's put numbers in perspective:**

MBA from a reputed college in India today can cost ₹25–30 lakhs.

If you intend to send your child abroad, the figure easily crosses ₹1 crore in today's costs. With inflation in education running at 8–10% annually, these costs could double in just 8–9 years.

Now think about your own retirement. If your household expenses are ₹50,000 a month today, in 20 years you may need ₹2–2.5 lakhs a month to maintain the same lifestyle. That translates into a corpus of several crores.

Both goals are expensive. Both are important. And both require planning.

So, how do you manage education costs without sacrificing retirement?

1. **Start early and save separately** – Create a dedicated fund for your child's education, as well as for your retirement. Don't dip into your retirement savings for education.

2. **Choose the right investments** – If your child's college is 10+ years away, equity mutual funds can help grow the corpus. If it's 3–5 years away, move gradually to safer debt instruments to protect the money.

3. **Prioritise retirement** – This may sound selfish, but it isn't. By securing your retirement, you're ensuring your child won't have to support you later. That's also a gift to them.

**A Smarter Way Forward**

Mid-career is often when responsibilities peak — home loans, children's education, lifestyle needs. It's tempting to divert every rupee to immediate goals. But a balanced approach is a wiser choice.

Instead of asking, *"How can I fund my child's education at any cost?" ask, "How can I plan for both education and retirement without sacrificing either?"*

The answer lies in disciplined investing, realistic expectations, and sometimes seeking expert guidance to align your goals with the right strategies.

Because in the end, true financial success isn't just about educating your children. It's about ensuring that when they look back, they see parents who gave them wings — and still had the security to stand tall on their own.

***


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE
AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

Student Corner

# Parents also face peer pressure-II

**Dr. Aparna Ritesh Nagda-Naliya (Dombivali)**
Mob.: 98339 74009, E-mail : aparnanagda04@gmail.com
Consulting Homoeopath, Child Counselor and Author of The Labyrinth of Silence



I promised you in the last issue that I would share some simple tips to help stay away from peer pressure. I'm loving the way we've been connecting through this bimonthly column. Slowly, strangers are becoming friends, and friends are turning into family. Writing these columns is also helping me reflect on my own parenting skills. While I offer advice to you, I first try to implement it myself. Cheers to our growing community!

**1) REFRAIN :** The very first thing I've started doing is limiting how much I discuss my child with others. Generally, I seek guidance from my parents, teachers, or elder siblings who have hands-on experience with parenting. Taking advice from peers, however, can sometimes be misleading—they may burden you with their failures or pressure you with their successes. After all, our peers may be just as confused as we are. Rarely can two blind individuals show each other the way. Of course, once in a while it's fine to come together and vent about how strenuous parenting can be. But go back home without suggestions and judgments. An empty brain and a heart full of love are what a child truly needs. The other way around makes us robotic—not real parents.

**2) REVISIT :** Go back to your own childhood. How did it feel to fulfill your parents' expectations versus pursuing your own dreams? When you give in to peer pressure, you risk doing the same to your child. Think of how many children in the past were pushed into engineering colleges simply because the neighbor's son was earning well as an engineer. Did it always bring happiness? We are not here to repeat our parents' mistakes. We are here to learn from them, to choose wisely, and to adopt what best suits our children and today's generation.

**3) RECONSIDER :** Peer pressure can affect us in many ways. Watching your friend's child excel might make you feel like you're not doing enough. I understand that feeling. But whenever such thoughts engulf you, pause and watch your child at play. Notice their laughter, their excited shrieks, their unfiltered joy. If your child is happy and healthy, you are already doing a wonderful job. Focus on raising a child who is content and well. After all, good health and genuine happiness are rarer achievements than we realize.

**4) REFORM :** Why follow trends when you can set them? If you believe your parenting style can inspire society to rethink child-raising, don't hesitate—lead the way. You may be the first, but you certainly won't be the last. Many of us are quietly waiting for someone to take that first step. Be that “someone.”

**5) REJOICE :** Lastly, remember that there is always a tomorrow. Today, your neighbor's child may be an achiever, but tomorrow might belong to yours. Rejoice in the knowledge that tides change and time loosens the noose of expectations. We are all growing—let's remember to keep evolving too.

***

Stay Healthy

# DENTAL CARE OF YOUR TEETHS & GUMS

Dr. Jayantilal P. Khona (LECH)-Jakhau (Mulund)
Mob. : 8779985316



- **The interaction of the remnants of food particles, saliva-spit & natural presence of the bacteria in the mouth, teeth's, together form a coating**. This coating is soft, thin, whitish-yellowish, and sticky called DENTAL PLAQUE. Very commonly seen in the large population mass.
- **It is easily formed within 6 hours** after cleaning. If regular, careful, precisely, daily teeth cleaning-brushing after 8 to 12 hours of meals & getting up in the morning is not done or habit is not followed then DENTAL PLAQUE is formed.
- **At this stage if sincere efforts of regular cleaning of PLAQUE are not made**, then calcium containing mineral & salt in the food we eat, presence of bacteria and saliva-spit combination mixture of HARD, STICKY COATING Is formed **called TARTAR**. It is brownish-black in color. It is difficult to get clean on its own efforts,
- DENTAL PLAQUE & TARTAR ARE THE TWO MOST IMPORTANT CAUSE OF TOOTH CARIES /DECAY, SWELLING, OOZING OF PUS & BLOOD FROM THE GUMS, MOVING, FALLING OR REMOVAL OF THE TEETHS.
- **The natural presence of streptococcus mutants & sargins bacteria in the mouth, teeth's, gums interacts with the sugar, glucose, and fructose present in the food to form "ACID".** This acidic material helps & encourage the damaging process of the tooth caries & decay. Severe off and on pain and discomfort are experienced. SILVER/ ALLOY METAL FILLING, ROOT CANAL, AND CAP FIXING TREATMENT HELPS TO PREVENT TOOTH EXTRACTION.
- **If at this stage, treatment is not initiated or is delayed** then the bad to worst result follows. THE STRONG SUPPORTING STRCTURES OF TOOTHS, GUMS, BONES AND ITS SURROUNDING MUSCLES & TISSUES BECOMES WEAK. The formation of plaque- tartar, pus, blood in between the tooth's & gums leading to SWELLING-INFLAMMATION-INFECTION COMMONLY KNOWN AS PYORRHEA.
- Now tooth become loose, falls out, bad taste, foul, offensive odor from the mouth, difficulty in chewing, off & on pain due to infection, chances of tooth removal becomes high to solve this problem.

**FACTORS INFLUENCING & ENCOURAGING DENTAL DISEASES.**

- **1)**Natural tooth structure, gap space between the tooth's, crooked, cracks, breaks in the tooth, dental prosthesis. **2)** Deficiency of protein, vitamin A,C. **3)** Thyroid problem 4)Diabetes **5)** quantity & quality of saliva-spit.**4)** regular use of sweeten food, pan, pan masala, soft/ hard drinks and not proper cleaning habits before going to sleep.
- **MESSAGE : PROPER BRUSHING** OF THE TEETHS AFTER EACH MEALS SP, GOING TO SLEEP & GETTING UP FROM SLEEP.

o **>> GURGLING** WITH 2 GLASSES OF LUKE WARM WATER WITH 2 TSF OF BAKING SODA + SALT BEFORE SLEEP & IN THE MORNING.

o **>> ANNUAL DENTAL CHECK UP**.

***

# વડીલ વંદના
# નવલબાઈ ખીમજી ધરમશીને કોટી કોટી વંદન



'મ'ને લગાડો કાનો તો પછી ઈશ્વર પણ લાગશે નાનો...

સદા પ્રસન્ન રહેતા, બુધ્ધિને (હૃદયને) આશામાં રાખતા, વાત્સલ્યની વિરડી, મમતાની મુર્તિ, પ્રેમની પ્રતિમા, પરમાર્થ જેમની ભક્તિ, માતૃછાયાના ઝરણાં એવાં કરૂણા હૃદયી નાગરેચાના દિકરી અને બાગલકોટના પુત્રવધુ, પદમશી વેલજી ધરમશી (સુથરી)ના ગૌરવ સમાન પરમવત્સલ 'વડા મા' (નવલબાઈ ખીમજી ધરમશી)ની જીવનશૈલીથી ઝુકી જ જવાયને?

એમના જીવનરૂપી તારલા આકાશમાં બાણુમાં (૯૨) વર્ષે પણ એમની સ્વસ્થતાથી કાર્ય કરવાના ઉત્સાહથી હજુ પણ ઝબકી રહ્યાં છે. ચહેરા પર થકાવટ નહીં, મમતા સ્નેહમાં મિલાવટ નહીં. વાત્સલ્યથી સંબંધો જાળવી જીવન સંગીત મધુર બનાવ્યું છે. એવા 'વડા મા'ની કોઈથી બરાબરી નહીં.

પ્રબળ પુરૂષાર્થ, સ્વપરિશ્રમે આદરથી જીવનની સુખ-દુઃખની દરેક પરીક્ષામાં ઉત્તીર્ણ રહેનાર, જીવન કારકિર્દી ઘડનાર, રસોઈના મહારાણી, તેમજ દરેક કાર્યમાં સાથ આપનારને કેમ ભૂલાય? ધર્મપ્રેમી, સરળ જીવી એવા અમારા વડા માએ અત્યાર સુધીમાં ઉપધાન તપ, પિસ્તાલીસ દિવસીય તપ, સિદ્ધિ તપ, મોક્ષદંડ તપ, ભક્તામર તપ વગેરે સાથે નવ્વાણું યાત્રા પણ કરી. યાત્રાના ઉમંગી ઉપરાંત ક્યાં પણ જન્મ-મરણના પ્રસંગોમાં તથા લગ્ન પ્રસંગોમાં એમની હાજરી હોય જ, મદદ હોય જ. ઉત્સાહી મનોબળ, ધર્મબળ, હજુ પણ કાર્ય કરવાના ઉમંગો લીલી લાઈટનો સંદેશ આપી રહ્યાં છે.

**પદમશી વેલજી ધરમશીની વડલાની છાયા,**
**સ્વમાની જીવન જીવી, લગાડી છે ધરમશી પરિવારને સ્નેહની માયા.**

**કઠોર પરિશ્રમી સદા સૌના હૃદયમાં વસનાર**
**'વડા મા'ને પદમશી વેલજી પરિવારનાં પ્રણામ**
**જય જિનેન્દ્ર!**

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# ક.દ.ઓ. તપસ્વીઓની ખૂબ ખૂબ અનુમોદના



**તરલ મહેશ્વરી**
મોટી સિંધોડી (વડોદરા)
અઠ્ઠાઈ



**ધારિકા જીતેન ધરમશી**
સુથરી (દીવા)
અઠ્ઠાઈ



**જીલ નૈતિક મૈશેરી**
લાલા (અમદાવાદ)
અઠ્ઠાઈ



**આશના નિલેશ લાપસીયા**
દલતુંગી (મુલુંડ)
અઠ્ઠાઈ



**પિયોની નિલેશ લાપસીયા**
દલતુંગી (મુલુંડ)
અઠ્ઠાઈ



**ગૌરવ ભરત દંડ**
વરાડિયા (મલકાપુર)
અઠ્ઠાઈ



**દમયંતી વિજય લોડાયા**
બાયઠ (વડાલા)
અઠ્ઠાઈ



**પ્રિતી યશવંત છેડા**
વરાડિયા (ભાટાપરા)
અઠ્ઠાઈ



**ઉમંગ વિમલેશ માલદે**
સેવક ભરૂડીયા (જામનગર)
અઠ્ઠાઈ



**ચાંદની વિકી શાહ**
મોટી ખાવડી (કાંદિવલી)
અઠ્ઠાઈ



**વિણા પરેશ કુરુવા**
ગોધરા (દહિસર)
અઠ્ઠાઈ



**અભિષેક વિનોદ ગોસર**
બારોઈ (ડોંબિવલી)
અઠ્ઠાઈ



**લિઆમ રાજેન્દ્ર ડાઘા**
વરાડીયા (કુમતા)
અઠ્ઠાઈ



**રાજેશ ડુંગરશી હેફા**
જખૌ (મુલુંડ)
અઠ્ઠાઈ



**દર્શન હિરાચંદ મૈશેરી**
જખૌ (બેલ્લારી)
૪ આયંબિલ, ૪ ઉપવાસ

અઠ્ઠાઈ : ૧) **કુણાલ રાજેશ અજાણી**-કોઠારા (ચેમ્બુર) ૨) **તન્વી કુણાલ અજાણી**-કોઠારા (ચેમ્બુર) ૩) **મીના સુનીલ ખોના**-મોટી ખાવડી(સુરત) ૪) **જીલ હિતેન લોડાયા**-લાલા(થાણા) ૫) **વિકાંત મયુરકુમાર**-ગોરખડી(કોચીન) ૬) **મનિષા કૌશલકુમાર**-ગોરખડી(નાગરકોઈલ)

*If not delivered please return to :*

C/o. A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**